# આપણો વારસો

સંપાદન

અહમદ ગુલ

ગુજરાતી રાઈટર્સ ફોરમ
૨૭, જેઈમ્સ સ્ટ્રીટ,
બાટલી WF17 7PS
યુ. કે.

Apno Varaso (Our Heritage)
The first generation of migrants from Gujarat, India in Batley:
History and Heritage

**સંપાદક:** અહમદ ગુલ

**પ્રથમ આવૃત્તિ:** માર્ચ ૨૦૧૯

**પ્રકાશક :**
Gujarati Writers Form
27, James Street
Batley WF17 7PS
UK

**મૂલ્ય:** £1/-

**મુદ્રક:**
Hotprint Design Ltd.
Unit 12, Kenyon Business Park
Pilkington Street
Bolton, BL 3 6 HL

Lasser-set: Anand Press, Gamdi-Anand.
Email: anandpress@gmail.com

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | આ પ્રકલ્પ વિશે | V |
| ૧. | અહમદ મહમદ બદાત | ૧ |
| ૨. | મૌલાના ઇબ્રાહીમ નૌસારકા | ૬ |
| ૩. | હાજી ઇબ્રાહીમ પટેલ | ૧૩ |
| ૪. | ઇબ્રાહીમ ઇસ્માઇલ લુણત-જનતા | ૧૮ |
| ૫. | અમોજી ઇબ્રાહીમ રાવત | ૨૧ |
| ૬. | યુસુફ ગુલામ મોહમ્મદ પાંડોર | ૨૬ |
| ૭. | ફકીર હસન દાજી | ૩૧ |
| ૮. | ઇબ્રાહીમ મહમદ બદાત | ૩૬ |
| ૯. | ઇબ્રાહીમ મોહમદ ભુલા | ૪૨ |
| ૧૦. | ઇસ્માઇલ મુસા લુણત | ૪૭ |
| ૧૧. | મોહમ્મદ અહમદ ધોરાત | ૫૦ |

## પ્રકલ્પ સહયોગ

**પ્રકલ્પ સંકલન અને પુસ્તક સંપાદન**
અહમદ ગુલ

**અંગ્રેજી ભાષાંતર**
આદમ ઘોડીવાલા

**કાર્યશિબિર સંચાલન**
ઈમ્તિયાઝ પટેલ વરેડિયાવાલા

**ક્ષેત્રકાર્ય**
આમીર આકુડી
રેહાન લહેર
ઝયનબ દાજી
અમ્મારા નવસારકર
ફરહાન ડભાડ

માહિતી આપવા બદલ અમે અહીં સમાવિષ્ટ બધા મુલાકાત આપનારના ઋણી છીએ.

# આ પ્રકલ્પ વિશે

છેલ્લાં પચીસેક વર્ષ દરમિયાન આપણી યુવાપેઢી તરફથી સમયાંતરે મને કેટલાક પ્રશ્નો પૂછાતા રહેતા. આમાં બાટલીમાં આપણી વસાહતનો ઈતિહાસ જાણવાની જિજ્ઞાસા કારણભૂત ગણાય. ભારતથી દેશાટન કરી સૌ પ્રથમ બાટલીમાં આવી કોણ વસેલા ? તેમણે વસવાટ માટે બાટલી કેમ પસંદ કર્યું ? એમણે પરદેશમાં આવી શરૂઆતમાં કેવો સંઘર્ષ કરેલો ? અંગ્રેજીના જ્ઞાન વગર કેવી રીતે કામ ચલાવેલું ? કેવી નોકરીઓ કરતા ? ટૂંકમાં, એમની જીવનશૈલી કેવી હતી ?

૧૯૫૦-૬૦ના ગાળામાં અહીં આવી વસેલા પ્રથમ પેઢીના વસાહતીઓ પાસેથી આ પ્રશ્નોના ઉત્તર મળી શકે. આવી જૂજ વ્યક્તિઓ હયાત છે, અને વૃદ્ધાવસ્થાને કારણે એમની સ્મૃતિ પણ ક્ષીણ થાય એ દેખીતું છે, એવી મને પ્રતીતિ થતાં મેં આ માહિતી એકત્રિત કરી એને ગ્રંથસ્થ કરવાનો સંકલ્પ કર્યો.

આપણી ભાવિપેઢીઓ માટે આ દસ્તાવેજીકરણની અગત્યતાને ધ્યાનમાં લઈ ગુજરાતી રાઈટર્સ ફોરમ, બાટલીના ઉપક્રમે અમે આ પ્રોજેક્ટ શરૂ કર્યો. બાટલીમાં ૧૯૫૦-૬૦ના ગાળામાં આવેલા પ્રથમ વસાહતીઓની યાદી બનાવી. રૂબરૂ મુલાકાતો દ્વારા તેમની પાસેથી માહિતી મેળવવાનું આયોજન કર્યું. આ મુલાકાતો માટે પાંચ

યુવાનોની ટીમ બનાવી અને તેમને પ્રશ્નોત્તરીની તાલીમ આપી. આ ક્ષેત્રકાર્ય દ્વારા જે માહિતી પ્રાપ્ત થઈ તેને સંપાદિત કરી. આ માહિતીમાં મુખ્યત્ત્વે યુ.કે. આવતાં અગાઉ ભારતમાં તેમની જીવનશૈલી, યુ.કે. માં આગમન, શરૂઆતના દિવસોનો સંઘર્ષ, ઠરીઠામ થવાની પ્રક્રિયા, હાલની જીવનશૈલી, બ્રિટનમાં તેમને ગમતી બાબતો, તથા અહીં આપણા સામાજિક, સાંસ્કૃતિક વારસાના જતન માટેનાં તેમના સૂચનોનો સમાવેશ કર્યો છે.

આ પ્રથમ પેઢીના વસાહતીઓ સાથેની મુલાકાતો અને વાતચીત દ્વારા જે માહિતી પ્રાપ્ત થઈ તે મૂલ્યવાન તો છે જ, કેમકે એમાં બાટલીમાં આપણી વસાહતનો ઇતિહાસ છે. આ ઉપરાંત, એ રસપ્રદ અને રોમાંચક પણ છે. પ્રથમ પેઢીના વસાહતીઓની જીવનશૈલી હાલની આપણી જીવનશૈલીથી એટલી અલગ હતી કે આજની યુવાપેઢી એની કલ્પના પણ ન કરી શકે. ઉદાહરણરૂપે, આ માહિતીમાંથી કેટલાંક તારણો અહીં પ્રસ્તુત છે.

- ૧૯૫૫ના ગાળામાં બાટલીમાં ગુજરાતી મુસ્લિમોની કુલ વસ્તી ૧૨ માણસોની.
- આ ભાઈઓ દેશાટન કરી ભારતના ગુજરાત રાજ્યના સુરત, નવસારી અને વલસાડ જિલ્લાના ગામડાંમાથી સાહસ કરી અજાણ્યા મુલક બ્રિટન આવેલા, જેનું અંતર ૫૦૦૦ માઈલ.
- એમણે પ્રથમવાર વિમાનની મુસાફરી કરી.
- કેટલાક દરિયાઈમાર્ગે સ્ટીમરથી આવેલા.
- ભારતથી આવ્યા ત્યારે એમની સાથે માત્ર ૩ પાઉન્ડ લાવેલા.

- એકલા પુરુષો જ આવેલા. પત્નીઓ, બાળકો તો વર્ષો પછી આવ્યાં.
- મોટાભાગના ભાઈઓને અંગ્રેજી તદ્દન આવડતું ન હતું. જેમને ભાંગ્યુતૂટ્યું આવડે તેમને પણ અંગ્રેજોના ઉચ્ચાર સમજાય નહીં. ઈશારાથી કામ ચલાવે.
- એકજણ પાસે મકાન હોય તેમાં લોજર તરીકે ૮-૧૦ જણ રહે.
- રસોઈ, સાફસફાઈ, કપડાં ધોવાનું બધું જાતે.
- ઘરમાં બાથરૂમ નહીં. નહાવા માટે પબ્લિક બાથમાં જવાનું.
- ટોઈલેટ ઘરની બહાર યાર્ડમાં.
- હીટીંગ કે ગેસની સગવડ નહીં. ગરમી માટે લાકડાં, કોલસા બાળતા.
- કોઈની પાસે કાર નહીં. બસમાં આવ-જા.
- ટેક્ષટાઈલ મિલોમાં નોકરી. રાતપાળી પણ કરવાની.
- અઠવાડિયાનું ૬૦ કલાકનું કામ. પગાર ૬-૭ પાઉન્ડ.
- ખર્ચમાં, લોજર તરીકે રહેવાંનો ૧ પાઉન્ડ, ખાવાનો ખર્ચ ૧ પાઉન્ડ, કામ પર જવા આવવાનો મુસાફરી ખર્ચ ૧ પાઉન્ડ. પરચુરણ ખર્ચ ૧ પાઉન્ડ. કરકસરથી જીવે તો અઠવાડિયે ૨ પાઉન્ડની બચત.
- મકાનોની કિંમત, ૧ બેડરૂમના ૭૫ પાઉન્ડ, ૨ બેડરૂમના ૨૫૦ પાઉન્ડ અને ૩ બેડરૂમના ૪૫૦ પાઉન્ડ.
- ટી.વી. સેટ ભાડેથી લાવતા-બ્લેક એન્ડ વાઈટ.

- એક મરઘીની કિંમત ૨ શીલીંગ (૧૦ પેન્સ) ફાર્મમાંથી લાવી, સાફ કરી રાંધી તેને ચાર દિવસ ચલાવવાની. પાંચમા દિવસે થોડું પાણી ઊમેરી ખાવાનું. બાકીના દિવસોમાં ફક્ત આમલેટ.
- ભારતીય મસાલા - આદુ, લસણ કે શાકભાજી ન મળે.
- ચોખા મળે પણ રાંધતાં ન આવડે. બે એક જણને આવડે તેમની ખૂબ માંગ રહેતી. બે વીક પહેલાં એપોઈન્ટમેન્ટ લેવી પડતી.
- આપણા સમાજમાં બાટલીમાં આ સમયે એથી પણ શાદી થઈ તેમાં દસેક પુરુષો અને ચાર-પાંચ સ્ત્રીઓની હાજરી હતી. તે પ્રસંગે ૩ મરઘી રાંધવામાં આવેલી. બીજા ખર્ચ સાથે કુલ ૩૦ પાઉન્ડમાં શાદી થયેલી.
- પ્રથમ પેઢીએ યુ.કે.માં આવતાંની સાથે જ દીનની ફિકર કરેલી. ભારતથી બાળકો આવ્યાં એટલે ૪-૫ બાળકોને મૌલવીસાહેબના ઘરે પઢાવતા. ૧૯૬૦માં બ્રેડફોર્ડ રોડ પર એક જૂની ફેક્ટરી ખરીદી તેમાં નમાઝ અને મદ્રેસાની શરૂઆત થઈ.
- મદ્રેસામાં પઢાવનાર હાફિઝનો પગાર વીકે ૧ પાઉન્ડ અને મૌલવીનો ૨ પાઉન્ડ.
- ૨૦૬ બ્રેડફર્ડ રોડની આ ઈમારતનું પછીથી મસ્જિદમાં રૂપાંતર થયું, જે યોર્કશાયરની પ્રથમ અને આખા બ્રિટનની ચોથી મસ્જિદ છે.

આપણી આજની યુવાપેઢી આ વિગતો વાંચે અને પ્રથમ વસાહતીઓની જીવનશૈલી સાથે પોતાની જીવનશૈલીને સરખાવે. આનાથી એમને ખ્યાલ આવશે કે, એમના વડીલોએ કેટલી તકલીફો

વેઠી, ભોગ આપી, મહેનત-મજૂરી કરી ભાવિપેઢીને સુખી કરી છે. પ્રથમ વસાહતીઓ વિશે જાણવાથી યુવાપેઢીને પોતાનાં મૂળ, પોતાની અસ્મિતા અને પોતાના સાંસ્કૃતિક વારસાની સમજ આવશે.

આપણા પૂર્વજો યુ.કે. માં દોરી લોટો લઈને આવેલા મુખ્ય ઉદ્દેશ આજીવિકા રળવાનો. મોટાભાગના અશિક્ષિત કે અર્ધશિક્ષિત. મજૂર વર્ગના. આ મહાન દેશે એમને એવી તકો આપી કે, અડધી સદી જેટલા ટૂંકા ગાળામાં આપણો સમાજ બધી રીતે સમૃદ્ધ થયો. આ વિકાસ બ્રિટનની રાજ્યવ્યવસ્થા અને સમાજવ્યવસ્થાને કારણે થયો છે. આ વૃત્તાંતો વાંચીને આપણી યુવાપેઢી આ દેશે આપણને જે આપ્યું છે તેની કદર બૂજશે અને એના વિકાસમાં પોતે યોગદાન આપવા પ્રેરાશે.

**અહમદ ગુલ**
**બાટલી**

# ૧

| | |
|---|---|
| **નામઃ** | અહમદ મહમદ બદાત |
| **જન્મ વર્ષઃ** | ૧૯૨૬ |
| **મૂળ વતનઃ** | ખોખર-અંભેટા |
| **યુ.કે.માં આગમનઃ** | ઓગષ્ટ, ૧૯૫૩<br>(અહમદ બદાતનું ૧૬-૧-૨૦૦૬ના રોજ અવસાન થયું. એમના વિશેની આ માહિતી એમના ભાઈ ઈબ્રાહીમ બદાત પાસેથી ઇન્ટર્વ્યુ દ્વારા પ્રાપ્ત થઈ છે.) |

અહમદભાઈ બદાતનો જન્મ ખોખર - અંભેટામાં ૧૯૨૬માં થયેલો. આમલીયા - અંભેટા અને આજુબાજુનાં ગામોનાં ઘણાં કુટુંબો પરદેશમાં જઈને વસેલાં. તેમાંય નજીકનું ગામ આલીપોરની વસ્તીનો ઘણો મોટો ભાગ સાઉથ આફ્રિકામાં ઠરીઠામ થયેલો. પરદેશ ગયેલા લોકોએ ઘણી આર્થિક પ્રગતિ કરેલી. તેઓ અવારનવાર માદરેવતન આવતા તો તેમની રહેણીકરણીથી તેમની આર્થિક સદ્ધરતા સ્પષ્ટ નજરે પડતી. અને તેના પ્રભાવમાં એ ગામડાઓમાં પરદેશ જવાની ધૂન સવાર રહેતી.

અહમદભાઈ પણ એની અસરથી બાકાત રહી શક્યા નહીં. એમને પણ સતત વિચારો આવ્યા કરતા કે, કોઈપણ ભોગે પરદેશ

જવું જોઈએ. અને એમણે તો પાસપોર્ટ પણ બનાવી રાખેલો. તેજ અરસામાં બ્રિટન જવાની વાતો જોરશોરથી ચાલવા લાગેલી. અહમદભાઈ ચિંતિત રહેતા કે, બ્રિટન વિશેની માહિતી ક્યાંથી મેળવવી ?

ખોખરના મદ્રેસામાં ખેરગામના એક હાફેજી સાહેબ પઢાવવાની નોકરી કરતા હતા. તેના કારણે તેમના સાળા માસ્તર મહમદ લાધાનું વખતોવખત ખોખર આવવાનું થતું. અને એમની અહમદભાઈ બદાત સાથે મૈત્રી બંધાયેલી. માસ્તર લાધા જ્યારે પણ ખોખર આવતા ત્યારે અહમદભાઈને અચૂક મળતા તો અહમદભાઈ સાથે બ્રિટન વિશે વાતો, ચર્ચાઓ થતી. ધીમે ધીમે માસ્તર સાહેબનો પણ બ્રિટન જવાનો ઈરાદો મક્કમ થવા લાગેલો. અને એ બન્ને મિત્રોએ પાકો ઈરાદો કરી લીધો કે, કોઈપણ ભોગે બ્રિટન જવું અને બ્રિટન વિશેની મળે એટલી માહિતી ભેગી કરવામાં લાગી ગયા.

એક દિવસ એમને અચાનક તક મળી ગઈ. ખોખરગામમાં એક બે અઠવાડિયાના સમયાંતરે એક ફેરિયો કપડું વેચવા આવે. એકવાર અહમદભાઈ અને માસ્તર લાધા બ્રિટન જવાની ચર્ચા કરતા હતા એ વાર્તાલાપમાં ફેરિયો પણ જોડાયો અને એક અગત્યની માહિતી આપતાં કહ્યું. હું તલંગપુરમાં પણ જાઉ છું. ત્યાં એક રાજપૂત કુટુંબ મારૂં ગ્રાહક છે. તેમનો એક દીકરો બ્રિટન ગયેલો છે. એમના પાસેથી હું થોડી ઘણી માહિતી લઈ આવીશ. અહમદભાઈએ કહ્યું કે, એમનું બ્રિટનનું સરનામું મેળવી લાવશો તો તમારી મહેરબાની થશે અને બે અઠવાડિયા પછી તે ફેરિયો લંડનમાં વસ્તા એ રાજપૂત ભાઈનો એડ્રેસ લઈ આવ્યો. તેમની સાથે પત્રવ્યવહાર શરૂ થયા. અહમદભાઈ અને માસ્તરને જોઈતી માહિતી મળી રહેતાં. એમણે

બ્રિટન જવાની તૈયારી કરવા માંડી. એ રાજપૂત ભાઈએ પણ લખેલું કે, "તમે યુકે આવો તો મારે ત્યાં ખુશીથી આવી શકો છો." પછીતો પૂછવું જ શું. એમને જોઈતો સહારો મળી ગયો. ઉતારાની ચિંતા દૂર થઈ. રણમાં ભટકતા તરસ્યા મુસાફરને અચાનક જ કોઈ ઝરણું મળી જાય અને ખુશી થાય તેવી જ લાગણી એમને થવા લાગી.

પાસપોર્ટ, ટિકિટ વગેરેનું કામ થઈ જતાં આ બન્ને સાહસિક ગુજરાતી મુસ્લિમોએ બ્રિટનની સફર આદરી. જે રીતે ઓસ્ટ્રેલિયામાં યુરોપિયન વસાહતીઓ માટે કેપ્ટન જેમ્સ કૂકની ભૂમિકાને મહત્વની ગણવામાં આવે છે. તે જ પ્રમાણે બાટલીના પ્રથમ વસાહતી અહમદ મહમદ બદાત અને માસ્તર મહમદ લાધાનું પણ બાટલીના ગુજરાતી મુસ્લિમો માટે મહત્વનું પ્રસ્થાન છે. કેપ્ટન જેમ્સ કૂકની મુસાફરીની શરૂઆત ઓગષ્ટ ૧૭૬૮માં કરી હતી. તે જ પ્રમાણે ૧૯૫૩નાં ઓગષ્ટ મહિનામાં આ બંન્ને સાહસિકોએ પણ બ્રિટન જવાની શરૂઆત કરી હતી. મુંબઈની સિંધિયા સ્ટીમ નેવીગેશન કંપનીની "જલજવાહર" નામની સ્ટીમર ઓગષ્ટ ૧૯૫૩ના મુંબઈ બંદરેથી લીવરપૂલ જવા રવાના થયેલી. તેમાં અન્ય મુસાફરોમાં આ બે ખાસ મુસાફરોનો પણ સમાવેશ હતો. ઓગષ્ટ મહિનાના ઉનાળાના દિવસોમાં 'જલજવાહર' સ્ટીમર લીવરપૂલની બંદર ગાહે લાંગરેલી ત્યારે આ બંન્ને શખ્સોની તો પ્રથમ મુસાફરી હતી પરંતુ "જલજવાહર"ની છેલ્લી સફર હતી. બીજા વર્ષે ૧૯૫૪માં મદ્રાસ શિપિંગ કોરપોરેશન ઓફ ઈન્ડિયાએ એને ખરીદીને એનું નવું નામ "સ્ટેટ ઓફ મદ્રાસ" આપેલું. જલજવાહરનું બાંધકામ ૧૯૪૭માં શરૂ થયેલું અને ૧૯૪૮માં પૂરૂં થયેલું. છેવટે ૧૯૮૩માં એની સર્વિસ બંધ કરવામાં આવેલી. અને એને તોડી (ડીસ્મેન્ટલ) કરી નાંખવામાં આવેલી.

લીવરપૂલ ઊતરીને આ બંન્ને શખ્સોએ પેલા રાજપૂતભાઈને જાણ કરીને ટ્રેન મારફતે લંડન જવા નીકળેલ જ્યાં એ તલંગપુરના રાજપૂત સદગૃહસ્થના ઘરે એમનો પ્રથમ ઊતારો થયેલો. ત્યાં થોડો સમય રહ્યા પછી તેઓ લેસ્ટર ગયેલા. ત્યાં પણ થોડો સમય રહ્યા પછી તેઓ બ્રાડફોર્ડ આવેલા. નોકરી ન મળવાના કારણે લંડનથી લેસ્ટર અને લેસ્ટરથી બ્રાડફોર્ડ એમને આવવું પડેલું. બ્રાડફોર્ડમાં કોને ત્યાં ઊતરલો એ માહિતી મળી નહીં. ત્યાંથી નોકરીની તલાશ કરતાં ડ્યૂઝબરીની "ડોરમી બ્રિટાનિયા" નામની મિલમાં નોકરી મળેલી અને થોડો સમય તેઓ બ્રાડફોર્ડથી અપડાઉન કરતા રહેલા. છેવટે એમને જાણવા મળેલું કે, બાટલીમાં શાહ ઈકબાલ નામનાં એક હિંદુસ્તાની રહે છે. શાહ ઈકબાલ ૧૯૩૫માં અહીં વધુ અભ્યાસ માટે આવેલા. ત્યારે હજી ઈન્ડિયાનું વિભાજન થયું ન હતું. ૧૯૪૭ પછી એમનું માદરે વતન શહેર કે ગામ પાકિસ્તાનનું ગામ બની ગયું હતું. શાહ ઈકબાલ બ્રિટિશ સ્ત્રી સાથે લગ્ન કરીને બાટલીમાં સ્થાયી થઈ ગયા હતા. અત્યારે જયાં ટેલર સ્ટ્રીટની મસ્જિદ છે તે જ એમનું નિવાસ્થાન હતું. શાહ ઈકબાલના ઘરે રહીને તેઓ ડ્યુઝબરીમાં કામ કરતા હતા. શાહને ત્યાં થોડો સમય રહીને તેઓએ ડ્યૂઝબરીમાં ૮૦ હડર્સફિલ્ડ રોડ પર પ્રથમ મકાન ખરીદેલું. જ્યાંથી એમને ડોરમીબ્રિટાનિયા મિલમાં કામ પર જવામાં સરળતા રહેતી હતી.

થોડાક મહિના પછી ૧૯૫૪માં હરણગામથી હાજી ઈબ્રાહીમ પટેલનું આગમન થયેલું એઓ પણ એજ ઘરમાં ઊતરેલા. અને વર્ષ ૧૯૫૫માં આલીપોરથી ઈબ્રાહીમભાઈ બિલાખડી આવેલા. એમના મિત્ર ઝીણાભાઈ પટેલ પાસેથી અહમદભાઈનું એડ્રેસ મેળવેલું તે આધારે ત્યાં જ ઊતરેલા. થોડા સમય પછી તેલાડાથી આવેલા અહમદફકીર પટેલ પણ ત્યાં જ ઊતરેલા.

આ રીતે જોતાં પ્રથમ પાંચ સાત જણાં આવેલા તેઓ બધા જ એક જ ઘરમાં ૮૦ હર્ડસફિલ્ડ રોડ પર ઊતરેલા. એ લોકોની નોકરીની શીફ્ટ ડે / નાઈટની હતી એટલે ડે શીફ્ટવાળા કામ પર જાય તો તેના બેડ પર નાઈટશીફ્ટવાળા સૂએ. અને નાઈટ શીફ્ટવાળા કામ પર જાય ત્યારે ડે શીફ્ટવાળા તેમના બેડ પર સૂએ. પણ શનિ-રવિ રજાના દિવસોમાં એમને સૂવાની ખાસ તકલીફ ઊભી થાય. એના નિવારણ માટે, તેમણે બીજું ઘર લેવાની જરૂરત લાગેલી. માસ્ટર લાધાએ સેવિલ ટાઉનમાં વોર્ફ સ્ટ્રીટમાં મકાન ખરીદેલું. જ્યારે અહમદભાઈએ બાટલીમાં લાયબ્રેરીની પાછળની પ્રોવિડન્ડ સ્ટ્રીટમાં મકાન ખરીદવાનું પસંદ કરેલું. એ સ્ટ્રીટનો એક ભાગ અત્યારે તોડી પાડવામાં આવ્યો છે. હજી એ સ્ટ્રીટનો અડધો ભાગ અકબંધ છે. આ રીતે પ્રોવિડન્ડનું અહમદભાઈનું મકાન બાટલીની ગુજરાતી મુસ્લિમ વસાહતનું પ્રથમ મકાન હતું.

એમના આગમનને આજે ૬૪ વર્ષ પૂરાં થાય છે. એ ૬૪ વર્ષના ગાળામાં બાટલીમાં ગુજરાતી મુસ્લિમોની વસ્તી ૧૨૦૦૦ થી પણ વધુ થઈ ગઈ છે. ■

# ૨

---

**નામઃ** મૌલાના ઈબ્રાહીમ નૌસારકા

**જન્મ વર્ષઃ** ૧૯૨૭

**મૂળ વતનઃ** કાલાકાછા

**યુ.કે.માં આગમનઃ** ૧૯૫૨ બાટલીમાં ૧૯૫૬

---

હું ડાભેલ દારૂલ ઉલૂમમાં પઢતો હતો. જેમણે ધાર્મિક શિક્ષણ પ્રાપ્ત કર્યું હોય તેને સાઉથ આફ્રિકા જવાની વધુ તક મળે. ૧૯૪૮માં મેં આલિમની ડિગ્રી મેળવી. મારી સાથે કાકાભાઈએ પણ આલિમની ડિગ્રી મેળવેલી. અમારા કુટુંબના અન્ય સગાંઓ એક સદીથી સાઉથ આફ્રિકામાં વસે. મારી પઢાઈ પૂરી થઈ તે અરસામાં મારા દાદા અને કાકા આફ્રિકાથી આવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, અમારા આફ્રિકા જવા પછી અમે તમને આફ્રિકા તેડાવવાના પ્રયાસો કરીશું. અને તેમણે મારા કાકાભાઈને પ્રથમ સાઉથ આફ્રિકા બોલાવી લીધેલા. મારા કાકાભાઈ મારા સહાધ્યાયી અને ગાઢમિત્ર એના જવા પછી હું અટૂલો પડી ગયો હતો. એટલે મેં મદ્રસાની નોકરી સ્વીકારી લીધેલી. ત્રણ વર્ષ સુધી એ કાર્યમાં પ્રવૃત્ત રહેલો.

મારા ફોઈભાઈ બર્મામાં હતા અને બીજા વિશ્વ યુદ્ધ પછી તેમને બર્મા છોડવું પડેલું. મારા ફોઈભાઈ હસન ભુલા અને બીજા ત્રણેક સાથીઓ વિચારતા કે ઈંગ્લેન્ડ જવું જોઈએ. સાંભળવામાં આવ્યું છે કે, બીજા વિશ્વયુદ્ધને કારણે બ્રિટનમાં કામદારોની અછત છે માટે બ્રિટન જવાની કોશિશ કરવી જોઈએ. ૧૯૫૧માં મારા ત્રણેક મિત્રો બ્રિટન જવામાં સફળ થયેલા.

મેં એમના પર પત્ર લખેલો કે, મારો પણ યુ.કે. આવવાનો ઈરાદો છે. જવાબમાં એમણે લખેલું કે તમારે આવવું હોય તો આવો. પણ હું આવતા અહીંની હાલાતની જાણ કરૂં છું તે પછી આપને લાગે કે, અહીં આવવું જ છે તો ભલે, આવજો. પત્રમાં આગળ લખે કે, પહેલી વાતતો એ કે અહીં પુષ્કળ ઠંડી પડે છે. ખાવાની પણ મુશ્કેલી પડે છે. તે વેળા જે કોઈ બ્રિટન આવતા તો તેઓ અનાજ પણ સાથે લાવતા. જેમકે, ચોખા, દાળ, જુવાર કે ઘઉંનો લોટ એ ઉપરાંત ઓઢવા ગોદડાં વગેરે બધું જ સાથે લાવતા સ્ટીમરમાં આવતા હોવાને કારણે ઘણો સામાન લાવી શકાતો અને હું પણ દાળ અને ચોખા વગેરે લઈને આવેલો.

પાસપોર્ટ બનાવવા માટે મારે નવસારી પોલિસ સ્ટેશને અરજી કરવી પડેલી. અને પોલિસ પાસપોર્ટના ફોર્મ લઈને મારી પાસે આવેલા. અને કહેલું કે, આ ફોર્મને સુરત કલેક્ટર ઓફિસમાં મોકલી આપજો. તે પ્રમાણે મેં એ ફોર્મસ કલેક્ટરની ઓફિસમાં મોકલી દીધેલાં. કલેક્ટરની તપાસમાં મને પ્રશ્નો પૂછેલા. તમે શા માટે બ્રિટન જવા માંગો છો ? વગેરે. મારા જવાબથી સંતોષ પામીને કલેક્ટરે એ કાગળો પાસપોર્ટ ઓફિસ મુંબઈમાં મોકલી દીધેલાં મને

એક જ અઠવાડિયામાં પાસપોર્ટ મળી ગયેલો ને તે વેળા પાસપોર્ટની ફી ૧૦ રૂપિયા હતી.

મારા ગામના ટપાલીની એક વિચિત્ર આદત હતી. તે ગામમાં ટપાલ વહેંચવા નીકળે એટલે બૂમો પાડતો જાય કે ફલાણાને બ્રિટન જવાનો પાસપોર્ટ મળ્યો. કોઈનો પરદેશનો કાગળ હોય તેની પણ જાહેરાત કરતો જાય. ઘણા લોકો તો ઓટલે બેસીને ટપાલીના આવવાના સમયની રાહ જોયા કરે. મને પાસપોર્ટ મળ્યાની ટપાલીએ એની આદત મુજબ બૂમો પાડેલી જેથી આખા ગામમાં વાયુવેગે વાત ફેલાઈ ગયેલી કે મૌલવી ઈબ્રાહીમને પાસપોર્ટ મળી ગયો છે અને એ બ્રિટન જવાની તૈયારીમાં વ્યસ્ત છે. મારા પિતાને મેં કહેલું નહીં કે મે પાસપોર્ટ મેળવવાની અરજી કરેલી છે. જ્યારે પિતાને મારા જવાની ખબર પડી ત્યારે મને ઠપકો આપતાં કહેલું તે પાસપોર્ટ મેળવ્યો સારું કર્યું પણ મને કહેવું તો જોઈતું હતુ. ત્યારે હું વિચારતો કે બ્રિટન હું રોજીરોટીની તલાશમાં જાઉ છું મારી આર્થિક સ્થિતિ સુધારવાનો મુખ્ય હેતુ હતો ત્યારે મુરર્રીસ એટલે મદ્રેસાના શિક્ષક તરીકે છોકરાઓ પઢાવવાનું કામ કરો તો તેનો પગાર ૧૦ રૂપિયા માસિક હતો. તે સમયે મૌલાના તરાજવી, મુફતી બિસ્મીલ્લાહ જેવા બુજુર્ગોને પણ મેં બ્રિટન જવાની વાત કરેલી એમણે મને આશીર્વાદ આપતાં કહેલું કે બ્રિટનમાં કદાચ મેમણ લોકોનો મદ્રેસો હશે તેમાં નોકરી કરજો.

મારી મુસાફરી સ્ટીમરની હતી અને તેપણ પ્રથમ મારી સાથે સ્ટીમરમાં ત્રણ ચાર યુવાનો હતાં તેઓ બ્રિટન ભણવા જઈ રહ્યા હતા. તેઓ પણ અમારી કેબિનમાંના સહયાત્રી હતા. એક કેબિનમાં છ યાત્રીઓની સગવડ હતી. જ્યારે અમારી સ્ટીમર સાઉધમ્ટન બંદરે

લાંગરી તો ત્યાં મને લેવા માટે મારા ફોઈભાઈ એના મિત્ર સાથે આવ્યા હતા. મિત્ર અંગ્રેજી સારૂં બોલી શકતો હતો.

બ્રિટનની ધરતી પર પગ મૂકતાં જ પહેલો વિચાર આવેલો કે, હું ક્યાં આવી ગયો છું? ન મને અંગ્રેજી ભાષા આવડે, ન જાણે મારું શું થશે એવા વિચારોથી થોડી ગભરામણ પણ થયેલી. સાઉથમ્ટન થી ટ્રેન મારફતે અમે કોવેન્ટ્રી ગયેલા. કોવેન્ટ્રીમાં જે ઘરમાં હું પ્રથમ રહેલો તે ઘર 47 Fosill Road પર આવેલું હતુ. જે ઘરનો માલિક એક પાકિસ્તાની હતો. અને ચારપાંચ બીજા પાકિસ્તાની ભાઈઓ પણ એ ઘરમાં રહેતા હતા. એજ ઘરમાં મારા ફોઈભાઈ હસન ભુલા અને ખોલવડ ગામના બાબુ સાલેહ રહેતો હતો. જે અહીં ભણવા માટે આવ્યો હતો. પણ એણે એક જર્મન સ્ત્રી સાથે લગ્ન કર્યા હતા. તેઓ પણ એજ ઘરમાં રહેતા હતા. હું અને મારો ફોઈભાઈ એક રૂમમાં રહેતા હતા જ્યારે હું પ્રથમવાર ઘર બહાર નીકળ્યો અને મેં અંગ્રેજોને જોયા તો મને વિચારો આવવા લાગેલા કે આ લોકો સાથે ભાષા વિના કેમ રહેવાશે ? પરંતુ એ લોકો એટલા ભલા હતા કે, અમને ભાષા ન આવડે છતાં મને હંમેશાં મદદરૂપ થયેલા, અને ભાષા ન આવડવાનો ભય દૂર થઈ ગયેલો. તેઓનો પોશાક પણ કંઈક અજબ લાગતો. તેઓ મોટા ઝભ્ભા જેવા કોટ પહેરતા અને સ્ત્રીઓ પણ એવા જ લાંબા કોટ પહેરતી.

મારા ભાઈ અહમદ પણ પાછળથી યુ.કે. આવી ગયેલા. અમારા ઘરમાં રહેતા બાબુ સાલેહ સાથે તેઓ વડોદરામાં સાથે ભણેલા. એટલે બન્ને મિત્રો. બાબુ સાલેહ અંગ્રેજી સારું બોલે, એટલે એને નોટીંગહામમાં જોબ મળી ગયેલો. તેણે અહમદભાઈને પણ નોટીંગહામમાં નોકરીએ રખાવેલા. હું પણ બેકાર જ હતો એટલે

અહમદભાઈએ મને નોટીંગહામ બોલાવી લીધલો અને મને ડરબીમાં એક ફેક્ટરીમાં નોકરી અપાવેલી. ફેટકરી ઘણી મોટી જેમાં હજારો લોકો કામ કરે. જોકે અમારું રહેવાનું નોટીંગહામમાં પણ અમે ડરબીમાં નોકરીએ જતા. નોકરીના ઈન્ટરવ્યુમાં મને સવાલ પૂછેલો. ''હાઉ લોન્ગ હેવ યુ બિન લીવીંગ હીયર?'' સવાલમાં મને કંઈ સમજ પડેલી નહીં, મેં જવાબમાં કહેલું 'આઈ ડોન્ટ નો'. પછી મને કપડું બતાવીને રંગ વિશે પૂછેલું. મે ગમેતેમ બ્લુ, બ્રાઉન, વાઈટ વગેરે જવાબ આપેલો. એ રીતે મને નોકરી મળેલી. ફેકટરીમાં મારૂં કામ હતું જે કપડું તૈયાર થાય અને તે ૬૦ યાર્ડનું એક બંડલ જેવું બને તેને ત્યાંથી ઉઠાવીને એક જગ્યાએ કાર્ટમાં મૂકી દેવાનું.

પહેલો પગાર લગભગ છ પાઉન્ડ જેટલો મળેલો. એ પગારમાંથી અમને બેએક પાઉન્ડ જેટલી બચત થઈ હતી. તે વેળા ખાદ્ય વસ્તુઓ સરકારની ફૂડ ઓફિસમાંથી ઉપલબ્ધ હતી. તે ઓફિસમાં જઈને આપણે આપણું નામ રજીસ્ટર કરાવવાનું. અને તે પછી અમને અઠવાડિયાની એક પાકિટ ચા, એક પાકિટ ખાંડ અને એક બ્રેડ મળતા. આ બધી વસ્તુઓ એક જ જગ્યાએ મળતી અને એની કિંમત પણ સસ્તી રહેતી. ૧૯૫૨ થી ૧૯૫૫ સુધી હું નોટિંગહામમાં રહ્યો. ૧૯૫૫માં હું ફરીથી ઈન્ડિયા સ્ટીમર મારફત ગયો. ત્યાં એક વરસ રહ્યા પછી હું ૧૯૫૬ના અંત ભાગમાં ફરીથી બ્રિટન આવ્યો. આ વેળા હું સીધો જ બાટલી આવ્યો. કારણ કે, મારા ભાઈ અહમદ બાટલીમાં વસી ગયા હતા. તેઓ ટેટનેલર, સ્ટ્રીટમાં રહેતા હતા એટલે હું પણ ત્યાં જ રહ્યો. બાટલીમાં હેલીફેક્ષ રોડ પર આવેલી ફોક્સન ટેક્ષટાઈલ મીલમાં મને નોકરી મળી ગયેલી જ્યાં

ઘણાં બધા એશિયનો નોકરી કરતા હતા. ત્યાં પગારની સીસ્ટમ એવી હતી કે, દર ગુરૂવારે પગાર મળે. એક નાના મેટલના પોટમાં પગાર આપવામાં આવતો. મને ફોક્સનમાં પ્રથમ પગાર ૬ પાઉન્ડ મળેલો.

એક વર્ષ કામ કર્યા પછી ૧૯૫૭માં મેં મારૂં પોતાનું ઘર ૬૫ વૉરવીક રોડ ખરીદેલું. જેની કિંમત ૫૦૦ પાઉન્ડ હતી. તે માટે ટાઉન હોલમાંથી મોર્ટગેજ મળેલી જેવા માસિક પાંચ પાઉન્ડ ભરવા પડતા.

અહીં આવ્યા પછી એવું થયા કરતું કે, ભાષા આવડતી ન હતી. માટે કાયમ રહેવાનો વિચાર પડતો મૂકવાનું મન થાતું. પણ પછી બીજો એક વિચાર આવતો કે, આવ્યા છે તો રહેવું પડવાનું બીજે કયાં જવુ ? જે થાય તે હવે અહીં જ કાયમી વસવાટ કરવો છે તે સમયે કોઈપણ માણસ પોતાની ફેમિલીને અહીં તેડવાનો વિચાર સુદ્ધાં કરતા ન હતા. ઘણા સમય વીત્યા પછી લોકો એવા વિચાર પર આવેલા કે જ્યારે અહીં રહેવુ જ છે તો ફેમિલી બોલાવવી જ જોઈએ. મેં પણ મારી ફેમિલી ૧૯૫૯માં બોલાવેલી ત્યારે મારી ફેમિલીમાં ત્રણ સભ્યો આ મારી પત્ની ખૈરૂન્નીસા અને મારી બે દીકરીઓ. ફરીદા અને સાબેરા.

અમે ટાઉન સેન્ટરમાં જતા અને કંઈ ખરીદવું હોય તો, ભાષા ન આવડવાના કારણે ઈશારો કરી વસ્તુઓ બતાવી ખરીદતા. અંગ્રેજ દુકાનદારો ખૂબ જ ભલા લાગતા કારણ કે અમને દરેક રીતે ખરીદવામાં મદદરૂપ થતા. કામ પર પણ અમારા સાથે ખૂબ જ નમ્રતાપૂર્વક વર્તતા કંઈ ભૂલ થઈ હોય તો અમારી ભૂલ સુધારે.

ભારત છોડી અહીં આવ્યા ત્યારે દાળ ચોખા, ગોદડી ઉપરાંત અમે અમારી માતૃભાષા ગુજરાતી પણ સાથે લાવેલા એમાં અમારી

કહેવતો, વાર્તાઓ, કવિતાઓ વગેરે સાથે ઈસ્લામી કલ્ચર અને ઈદ જેવા તહેવાર તથા શાદીના રીતરિવાજો પણ ખરા. પછીથી વસ્તી વધતાં બાટલીમાં આપણી સમાજ વ્યવસ્થા ઊભી થઈ. આમ, આ દેશમાં આપણા વારસાને ટકાવવા માટે ઘણો અવકાશ છે. ■

# 3

---

| | |
|---|---|
| **નામઃ** | હાજી ઈબ્રાહીમ પટેલ |
| **જન્મ વર્ષઃ** | ૧૯૩૩ |
| **મૂળ વતનઃ** | હરણગામ |
| **યુ.કે.માં આગમનઃ** | ૧૯૫૪ |

---

બ્રિટન આવવા પહેલાં હું હાઈસ્કૂલમાં અભ્યાસ કરતો હતો. રાંદેરની પીપરડી હાઈસ્કૂલ અને ભરૂચની પ્રોગ્રેસીવ હાઈસ્કૂલમાં મારો અભ્યાસકાળ વીતેલો. અભ્યાસકાળમાં હું વિચારતો કે, અભ્યાસ પૂરો કરી ક્યાંક નોકરી મેળવી જીવનમાં ઠરીઠામ થવું છે. નોકરી માટે એટલો ચિંતિત રહેતો કે, અભ્યાસ દરમિયાન મેં એની તૈયારી રૂપે કાલટેક્ષ પેટ્રોલ કંપનીમાં નોકરી માટે ફોર્મ ભરી દીધેલું.

૧૯૫૨/૫૩માં મારા વતનના કેટલાક લોકોએ યુ.કે. જવાનું કામ શરૂ કરેલું, અને એ વિશેની સમાજમાં ચર્ચાઓ પૂરજોશમાં થતી રહેતી. મને પણ જિજ્ઞાસા થવા લાગી કે, મારે પણ યુ.કે. વિશે વિચારવું જોઈએ. યુ.કે.માં લોકો કેમ જાય છે. ત્યાં કયા પ્રકારની નોકરી મળે છે, અથવા નોકરીની સ્થિતિ કેવી હશે ? વગેરે જાણવાની ઉત્સુકતા જાગી. મારા સ્કૂલના સહાધ્યાયી ઈસ્માઈલ બગા સાથે યુ.કે. જવા વિશેની ચર્ચાઓ કરી વધુ માહિતી એકઠી કરવાનું વિચાર્યું.

ઈસ્માઈલ બગાએ એમના એક સગાસંબંધી કે જેઓ લંડનમાં ઠરીઠામ થયેલા હતા. તેમના પર વધુ વિગત મેળવવા પત્ર લખ્યો. તેમણે જવાબમાં લખ્યું કે, અહીં કમાણીની તકો છે. વધુમાં અમને ઉત્સાહ પ્રેરવા એવું પણ લખેલું કે, અહીં ઘરે ઘર છાપાંઓની ડિલીવરીથી (છાપાના ફેરિયા) પણ ગુજારો થઈ શકે છે. માટે જો આવવાનો ખરેખર વિચાર હોય તો ગંભીરતાથી વિચારી આવવાની તૈયારી કરો.

જોગવાડ ગામે રહેતા મારા સંબંધી હાસિમભાઈ પટેલ સાથે પાસપોર્ટ મેળવવાના પ્રયાસો શરૂ કર્યા. સદ્‌નસીબે અમને પાસપોર્ટ જલ્દી મળી ગયો. અમે સ્ટીમર દ્વારા યુ.કે. જવાનું નક્કી કર્યું. ત્યારે મારી ઉંમર ૨૦ વર્ષની. ૧૯૫૪માં બટોરી નામની સ્ટીમરમાં હું અને જોગવાડવાળા હાસિમભાઈ યુ.કે. જવા રવાના થયા. લગભગ પંદર દિવસની દરિયાઈ મુસાફરી પૂરી થઈ. અમારી સ્ટીમર સાઉથમ્ટન બંદરે લાંગરી. દરિયાની મુસાફરી પણ ઘણી રોમાન્ચક હોય છે. ટૂટક પર જઈને જુઓ તો ઉપર આસમાન અને દરિયાનું પાણી તે સિવાય બીજું કંઈ દેખાઈ ના. મને લેવા માટે આલીપોરવાળા હાફેજી આદમ લૂણત આવ્યા આ તેમને મારા આવવાની ખબર મારા સાવકા પિતા આદમ કરોલ્યાએ પત્ર દ્વારા કરી હતી. એમણે પત્રમાં લખ્યું હતું. મને પોર્ટ પરથી એમના ઘરે લઈ જાય. અને જોઈતી મદદ કરે પરંતુ એવુ થયેલું કે, મારા સાથી હાસિમભાઈને લેવા માટે યુસુફ પટેલ ચાસાવાળા આવ્યા હતા. તેમણે અને હાસિમભાઈએ મને ખૂબ આગ્રહ કરેલો કે, હું તેમની સાથે ડ્યુઝબરી જાઉં એટલે હાફેજી આદમની માફી માંગી એમનો આભાર માની હાસિમભાઈ સાથે હું ડ્યુઝબરી આવી ગયો.

ડ્યુઝબરીમાં હું અને હાસિમભાઈ યુસુફ પટેલ જે ઘરમાં રહેતા હતા. ત્યા ઉતર્યા. જે ઘર ૮૦ હડર્સફિલ્ડ રોડ અહમદ બદાત અને માસ્તર લાધાનું હતું. મારા અને હાસિમભાઈના આગમનને કારણે તે ઘરમાં રહેનારાની સંખ્યા ૯ જણની થયેલી. બીજા વિશ્વયુદ્ધ પહેલાં ૧૯૩૫માં ઈકબાલ શાહ વધુ અભ્યાસ માટે યુ.કે. આવ્યા હતા. અને સીટીની અંગ્રેજ યુવતી સાથે લગ્ન કરીને બાટલીમાં ઠરીઠામ થઈ ગયા હતા. એમનું મૂળ વતન હાલના પાકિસ્તાનમાં આવેલું છે. જો કે તેઓ બ્રિટન આવ્યા પછી પોતાના મૂળ વતનમાં કદી ગયેલા નહીં. નવા આગંતુકોને સહકાર આપવામાં પોતાનું કર્તવ્ય સમજતા હતા. ઘણાંને નોકરીઓ અપાવી, રહેવાની સગવડો કરી આપી. એમણે ભરપૂર મદદો કરી.

મને પહેલી નોકરી વૉટમર એન્ડ વોલ્કર મીલમાં (ટેક્ષટાઈલ) મળી. ત્યાં ૯ એક મહિના કામ કર્યા પછી બીબીએ – બ્રિટિશ બેલ્ટીંગ એસબેસટોસમાં બે વર્ષ કામ કર્યું. ત્યાર પછી મેં મારો પોતાનો ધંધો શરૂ કર્યો. વુલ્કન રોડ ડ્યુઝબરીમાં એક બેકરી અને દુકાન ચાલુ કરી. દુકાનની બાજુમાં એક ચર્ચ હતું. એને તોડવાનું કામ શરૂ થયેલું. તેની દિવાલ તોડતાં એક મોટો પત્થર જ્યાં મારી દીકરીનું પ્રામ હતુ ત્યાં પડેલો. નસીબજોગે પ્રામથી જરા દૂર પડેલો તેથી એ બચી ગયેલી.

ધીમે ધીમે માણસોની સંખ્યામાં વધારો થઈ રહ્યો હતો. એવામાં ઈદનું આગમન થયું. અમે વિચાર કર્યો કે, કોઈપણ રીતે ઈદની નમાજ પઢાવી જોઈએ. અમે ડ્યુઝબરીમાં ટેક્ષટાઈલ યુનિયનનો હૉલ ભાડે લીધો અને ઈદની નમાજ પઢવામાં આવી. ઈમામ તરીકે હાફેજી મહમદ લહેરે નમાજ પઢાવી જે સમગ્ર એરિયાની પહેલી ઈદની નમાજ પઢવામાં આવેલી. કદાચ આ આશ્ચર્ય જેવું લાગે પણ એ જ વાસ્તવિકતા હતી કે, અમે પ્રથમ ઈદની નમાજ પઢેલા તે પછી

થોડોક સમય વીત્યે ડ્યુઝબરીમાં લીબરલ હૉલ ભાડે રાખીને પહેલી જુમ્માની નમાજ પઢવામાં આવેલી એ નમાજ હાફેજી ઈબ્રાહીમ લંબાતે પઢાવેલી.

માણસોની સંખ્યા વધી રહી હતી અને ધીમે ધીમે જરૂરિયાત પ્રમાણે સામાજિક અને ધાર્મિક કાર્યો પણ થવા લાગ્યા. ૧૯૫૫માં એક પાકિસ્તાનીભાઈનું અવસાન થયેલું. અમને કફન-દફનની કોઈ ગતાગમ નહીં. મારે કફનના સફેદ કપડાં માટે ડ્યૂઝબરીની કંઈ કેટલી દુકાનોમાં તપાસ કરવી પડેલી. કારણ જ્યાં જાઓ ત્યાં રેડીમેડ કપડાંની જ રજૂઆત કરે. વારબંધ કપડું મળવું દુર્લભ હતું. પરંતુ નસીબભોગે એક દુકાનમાંથી એ કપડું મળી ગયેલું. તે પછી મેં એક ફ્યૂનરલ ડાયરેક્ટરનો સંપર્ક કરેલો અને બાટલી-ડ્યૂઝબરીનું એ પ્રથમ મૃત્યુ હતું. ગુજરાતી મુસ્લીમ તરીકે મુસાભાઈ કરોલ્યાનું ૧૯૫૯ માં પ્રથમ મૃત્યુ થયેલું.


૧૯૫૭માં જેટલા ગુજરાતી હતા તેમણે નક્કી કર્યુ કે, આપણા સામાજિક, કફન-દફન અને અન્ય ધાર્મિક કાર્યો માટે એક સંગઠન હોવું જોઈએ એટલે ૧૯૫૭માં મુસ્લિમ સોસાયટી નામની એક સંસ્થાની સ્થાપના કરવામાં આવી જેના પહેલા પ્રમુખ અહમદભાઈ પટેલ કફલેતાવાળાની નિમણુંક કરવામાં આવેલી પાછળથી એ સંસ્થાનું નામ ઈન્ડિયન મુસ્લિમ વેલ્ફેર સોસાયટી રાખવાનું આવેલું. જે આજદિન સુધી એક વિશાળ સંસ્થા તરીકે કાર્યરત છે.

૧૯૫૯માં મેં હજમાત્રા કરેલી. જે બાટલી ડ્યુઝબરીના મુસ્લિમોમાં પ્રથમ હજ હતી.

બ્રાડફોર્ડમાં હકીમખાન નામના એક પાકિસ્તાનીની દુકાન હતી. જેમાં હલાલ ગોશ્ત મળતું. અમે ત્યાંથી ગોશ્ત ખરીદતા અને એક બે જાતની શાકભાજી પણ ત્યાંથી મળતી. તે સમયે બ્રાડફોર્ડમાં મુસ્લિમોની સંખ્યા ૧૨૦-૩૦ જેટલી હતી. સેફરોન માટે ડોક્ટરના પ્રીસ્ક્રિપ્શનની જરૂરત પડતી. પ્રિસ્ક્રિપ્શન હોય તો જ સેફરોન (કેસર) મળી શકતું.

હું જ્યારે અહીં આવ્યો ત્યારે એશિયનોની સંખ્યા માંડ ૧૦-૧૨ જણની હતી. અંગ્રેજો અમને કુતુહલપૂર્વક જોતા પણ અંગ્રેજો અત્યંત મળતાવડા અને મદદગાર હતા. અમને બધે જ સારો આવકાર મળતો. બ્રિટનમાં છ દાયકાના વસવાટ પછી લાગે છે કે, આપણો સાંસ્કૃતિક વારસો સચવાશે કે નહીં. એવી ચિંતા જાગી કે, ધીરે ધીરે આ વારસો લુપ્ત થતો જાય છે. ■

# ૪



**નામઃ** ઈબ્રાહીમ ઈસ્માઈલ લુણત (જનતા)

**જન્મ વર્ષઃ** ૧૯૩૨

**મૂળ વતનઃ** આલીપોર

**યુ.કે.માં આગમનઃ** ૧૯૫૬

પ્રાથમિક શાળાના ચાર ધોરણ સુધી અભ્યાસ કરીને શાળા છોડી દીધી, અને બાપદાદાના ખેતીના ધંધામાં જોડાઈ ગયો. ખેતીનું કામ લગભગ ચાર મહિના ચાલે શિયાળામાં ચણા, વટાણા, વાલની ખેતી થાય એટલે એકાદ બે મહિના કામમાં વ્યસ્ત રહેવાનું થાય. તે પછી બાકીનો બધો જ સમય મિત્રો સાથે ટોળટપ્પામાં, રખડપટ્ટીમાં પસાર થાય. આમ જુઓ તો બેફિકર જીવન. કદાચ એમ કહું કે, સુખભર્યુ, જીવન તોય ચાલે.

૧૯૫૩ પછી ગામમાં યુ.કે. જવાની હવા પૂરજોશમાં ચાલી. મારા જેવા ઘણા યુવાનો યુ.કે.ના સ્વપનાં જોતા થયા. હુંય વિચારવા લાગ્યો કે, કોઈપણ રીતે યુ.કે. જવાનું થાય તો પ્રયાસ કરવો જોઈએ. તે સમયે ઘણા પાસપોર્ટ એજન્ટો એ કામે લાગી ગયા હતા પાસપોર્ટ, ટિકિટ મળી ચારપાંચ હજાર રૂપિયાની માંગ રહેતી. પિતા સાઉથ આફ્રિકામાં હોવાથી મને એટલી રકમની ચિંતા ન હતી. આમેય

વર્ષભરમાં પિતા તરફથી જીવનનિર્વાહની રકમ મળતી રહેતી. એટલે આર્થિક ચિંતા પણ નહતી. પરંતુ પિતા ન હોય ત્યારે ? એટલે ભવિષ્યનો વિચાર સતાવતો રહેતો.

જ્યારે ઈંગ્લેન્ડ જવા માટે ગામના તથા આજુબાજુનાં ગામોના યુવાનો તૈયારી કરવા લાગ્યા, એટલે મેં પણ મારો ઈરાદો પિતાને પત્ર દ્વારા જણાવ્યો. પિતા તરફથી હકારમાં જવાબ આવતાં મે એક પાસપોર્ટ એજન્ટને કામ સોંપી દીધું. જોકે પાસપોર્ટ મેળવામાં ઘણો સમય નીકળી ગયો પણ છેવટે મને પાસપોર્ટ મળી ગયો. અને પાન અમેરિકન એર લાઈન્સની ટિકિટ મળી સાથે થોડાક સાથીઓ હતા, એટલે એમની સંગાથે પ્રથમ એર પ્રવાસનો ગભરાટ થોડો દૂર થયો. અમારું એર હીથરો એરપોર્ટ પર ઉતર્યુ. ત્યારે હીથરો એરપોર્ટ ઘણું નાનું હતું. જાણે એક ઘર જેવું લાગે.

મને લેવા માટે માસ્તર લાધા અને ઈબ્રાહીમ બિલાખડી આવ્યા હતા. તેમના સંગાથે કિંગ્સક્રોસ અને ત્યાંથી ડ્યૂઝબરી ટ્રેન મારફતે આવ્યો. જ્યારે અમારી ટ્રેન કિંગ્સક્રોસ રેલ્વે સ્ટેશનથી ડ્યૂઝબરી માટે રવાના થઈ ત્યારે વાતાવરણ ઘણું ઠંડુ અને ધુમ્મસિયું હતુ. ચારે બાજુ ફોગ સિવાય કશું જ નજરે પડતું ન હતું. આવું અંધકારભર્યું વાતાવરણ મેં ક્યારે પણ જોયેલું નહીં, એટલે થોડોક ગભરાટ થવા લાગે. પરંતુ મારી સાથે બે સાથીઓ હતા તેથી થોડીક સાત્વનાં રહેતી હતી.

બાટલીમાં આવ્યા પછી ઈબ્રાહીમ બિલાખડી અને હાફેજી મહમદ લહેરને ત્યાં ૧૨ કિંગ સ્ટ્રીટમાં રહેવાની જગ્યા મળી. જ્યાં તેલાડા ગામના અહમદ ફકીર પટેલ પણ રહેતા હતા એટલે જાણે ચારપાંચ મિત્રોનું વર્તુળ હોય એવું લાગતું એમના સહવાસમાં વતન ઝુરાપો ઓછો થયો.

એકાદ અઠવાડિયું આરામ કરી ઈન્સુરન્સ નંબર કઢાવવા માટે હાફેજી લહેર મને લેબર ઓફિસમાં લઈ ગયા. ઈન્સુરન્સ નંબર મળી જતાં, નોકરી માટે તપાસ શરૂ કરી. તો કહેવામાં આવ્યું કે, તમારામાંથી જે કોઈ નાની ઉંમરનો હોય તો તેના માટે થોમસ બર્નલીમાં જોબ છે, માટે એને જલ્દી મોકલી આપો. એ આધારે મને પ્રથમ નોકરી થોમસ બર્નલી નામની ટેક્ષટાઈલ મીલમાં મળી ગઈ. જ્યાં પહેલે થી જ ઘણાં એશિયનો નોકરી કરી રહ્યા હતા. ફેક્ટરીમાં ઘણાં ભાઈઓનો સહકાર મળી રહેતો હતો. મોટાભાગની ફેક્ટરીમાં ૧૨ કલાકની શીફ્ટ ચાલે. અને પાંચ દિવસનું કામ એટલે પાંચ દિવસના ૬૦ કલાક કામ કર્યા પછી પહેલા વીકનો પગાર મને ૭ પાઉન્ડ મળ્યો હતો.

બાટલીના સામાજિક જીવનમાં જ્યાં જ્યાં અડચણો ઊભી થતી ત્યાં હાજી ઈબ્રાહીમભાઈ પટેલ અમારા જેવા નવા આગન્તુકોને ઘણી રીતે મદદ કરતા.

હું બાટલી-ડ્યુઝબરીમાં આવ્યો. ત્યારે લગભગ ૧૫ થી ૨૦ ગુજરાતી મુસ્લિમોની વસ્તી હતી. કિંગ સ્ટ્રીટમાં એક બેડરૂમના ઘરમાં અમે ચાર પાંચેક જણાં રહેતા હતા. જેમાં હસનભાઈ દેસાઈ, મુસા બુટવાડાવાળા અને બીજા ત્રણ ભાઈઓ અમારી સાથે રહેતા હતા.

છેલ્લા વીસ વર્ષથી રિટાયર્ડ જીવન જીવી રહ્યો છું. આ દેશ માટે એટલું જ કહીશ કે, અહીં કોઈપણ જાતના ભેદભાવ વિના ન્યાય મળે છે, કામ મળે છે, જોબ મળે છે, તમામ પ્રકારની સહુલત મળે છે. એથી વધુ શી આશા રાખવી ? અહીં માણસને માણસ તરીકે જે ઈજ્જત મળે છે તે ઘણા દેશોમાં મળતી નથી. આ દેશ માટે હૃદયપૂર્વક દુઆ કરું છું કે, એની હર પ્રકારે પ્રગતિ થાય. ■

# ૫


---

**નામઃ** અમોજી ઈબ્રાહીમ રાવત

**જન્મ વર્ષઃ** ૧૯૨૮

**મૂળ વતનઃ** માણેકપોર

**યુ.કે.માં આગમનઃ** ૧૯૫૭



---

આમ તો અમારું મુખ્ય કામ ખેતીનું પણ અમે ત્રણ ભાઈઓ એટલે કંઈક બીજુ વધારાનું કામ કરીએ તો કુટુંબ માટે થોડું લાભદાયી થાય તે હેતુથી વઘઈ જંગલમાં જઈ ત્યાંથી વાંસ ખરીદી લાવીને વેચવાનો ધંધો શરૂ કરેલો. વઘઈ અમારા વિસ્તારથી લગભગ ૩૫-૪૦ માઈલ જેટલું દૂર. બળદગાડામાં લગભગ દોઢ દિવસ લાગી જાય. ત્યાંથી હું વાંસનો ભારો જેમાં ત્રણેક ડઝન જેટલા વાંસ હોય તે ખરીદતો જેની કિંમત વીસેક રૂપિયા જેટલી થતી. વાંસને ગામમાં લાવીને વેચી દેતો જેમાંથી પંદર વીસેક રૂપિયા જેટલો નફો મળી જતો. વાંસનો ઘણો ઉપયોગ થાય. ખાસ કરીને કાચા ઘરો બાંધવામાં તેથી વાંસની માંગ હંમેશાં રહેતી. બાકીનો થોડો સમય ખેતી પર પણ ધ્યાન આપતો. પિતા આફ્રિકાના પોર્ટુગીઝ કબજા હેઠળના મપુતોમાં રહેતા. કોઈ કારણસર અમે ત્યાં જઈ શકેલા નહીં.

પાંચમાં દાયકામાં યુ.કે. જવા લોકો મહેનત કરી રહ્યા હતા. ખાસ કરીને અમારા ચીખલી તાલુકાના મુસ્લિમોમાં તો યુ.કે. ગમનનો પવન વધુ તેજ ગતિથી ફૂંકાવા લાગેલો. મેં પણ જવાનો ઈરાદો કર્યો અને પાસપોર્ટનું કામ એજન્ટને સોંપી દીધું. યુ.કે.માં ઠરીઠામ થયેલા હાફેજી મહમદ લહેરને પત્ર લખી ખાત્રી કરી લીધેલી કે, તમે મને સાથે રાખતા હોય તો જ યુકે આવું. અને એમણે મને હા નો જવાબ પણ તરત જ આપેલો. એજન્ટે મને સમજાવ્યું કે તમને યુ.કે. જવાનો સીધો પાસપોર્ટ મળશે નહીં. કારણ કે ભારત સરકારની પોલિસી છે કે, બ્રિટનમાં મજૂરી અર્થે લોકો જાય તેનાથી ભારત સરકાર વિરુદ્ધ છે. પણ તમે મુસ્લિમ હોવાથી તમને કરબલા (ઈરાક) જયારત માટે જવાનો પાસપોર્ટ મળી શકે. ત્યાંથી તમે બ્રિટન જઈ શકો. કારણ કે કોમનવેલ્થના નાગરિકો માટે યુ.કે. ફ્રી પોર્ટ છે.

તમારી ઓળખ માટેનો પાસપોર્ટ હોવો જરૂરી છે. તમારો કોઈપણ દેશનો પાસપોર્ટ હોય તો તમને યુ.કે.માં પ્રવેશ મળી શકે. એજન્ટે મારો બગદાદનો પાસપોર્ટ મેળવી આપ્યો. અને હું દરિયાઈ માર્ગે ઈરાક પહોંચ્યો. ત્યાં બગદાદમાં ૧૧ દિવસ રહેવું પડ્યું. અને અનુકૂળતાએ યુ.કે. જવાનું એજન્ટે વ્યવસ્થા કરી દીધેલી. તે રીતે હું ઈરાકથી દરિયાઈ માર્ગે યુ.કે. આવેલો. લંડનના ટીલબરી બંદરે અમારું જહાજ લાંગરેલું. ત્યાં મને લેવા માટે હાફેજી લહેર અને મહમદભાઈ સીદાત આવ્યા હતા. તેમની સાથે હું ટ્રેન મારફતે બાટલી આવેલો.

ટ્રેનમાંથી આ દેશને જોતાં મને લાગેલું કે આ દેશ પૂરેપૂરો લીલોછમ છે. ટ્રેન દોડી રહી હતી અને હું યુ.કે.ની સુંદરતા નિહાળી

રહ્યો હતો. બાટલીમાં હાફેજી લહેરને ઘરે મારો પ્રથમ ઉતારો એમના ઘરમાં યુસુફ લટકણ, રસુલભાઈ મુલ્લાં અને અહમદ લહેર (રાજકપુર) પહેલેથી રહેતા હતા.

બાટલીમાં આવ્યા પછી નોકરી મળી નહીં. ખૂબ કોશિશ કરી પરંતુ ક્યાંય નોકરી મળી નહીં. ખૂબ બેકારી હતી. લગભગ એક વર્ષ બેકાર રહ્યો. મારા જીવનનિર્વાહ માટે પણ મને પૈસાની તંગી પડવા લાગી. કંઈ સમજ પડતી નહતી. થોડો ગભરાટ અનુભવી રહ્યો હતો. કોઈએ મને કહ્યું કે, લેબર એક્ષ્ચેન્જમાં જઈને રજીસ્ટર્ડ થઈ જા તો તને વીકલી કંઈક રકમ મળશે. મેં અહમદભાઈ લહેરને પૂછ્યું. એમણે કહ્યું કે હા, તને વીકનો એક પાઉન્ડ મળશે. તેના કરતાં અહીં જ વાસણ ધોવાનું કામ કર્યા કરોને અને મેં એક વર્ષ સુધી વાસણ ધોવાનું કામ કર્યું.

૧૯૫૮માં બરાબર એક વર્ષ પછી મને પહેલી નોકરી મળી શોડી મિલમાં જ્યાં ચીંથરાં પીલવાનું કામ થતું હતું. એ નોકરી માટે મને મિલનો મેનેજર ખુદ ઘરે લેવા આવ્યો હતો. તેની સાથે યુસુફભાઈ મમણીઆત હતા. યુસુફભાઈએ મેનેજરને મારા માટે વાત કરેલી. તો મેનેજરે કહેલું કે, મારે કામદારની જરૂરત છે માટે ચાલો આપણે જઈને તેને લઈ આવીએ. એ રીતે મારી નોકરીની શરૂઆત થયેલી.

મારૂં ભણતર તદ્દન ઓછું તેમાંય અંગ્રેજીનો તો એક પણ શબ્દ હું જાણું નહીં. અહીં સુધી કે અંગ્રેજીની બારાખડીનો એક પણ અક્ષર હું પારખી શકું નહી. હું કામ પર પગપાળા જતો. અને રસ્તાની નિશાની કરી રાખતો હતો. કારણકે મારાથી રસ્તાનાં અંગ્રેજીમાં લખેલાં નામો વાંચી શકાય નહીં. તેથી મારે ફેક્ટરી સુધીના માર્ગની નિશાની કરવી પડતી.

મારે કોઈને ત્યાં મળવા જવાનું થતું તો હું તે ઘરની નિશાની કરી રાખતો કે જેથી બીજી વાર ત્યાં જવાનું મારા માટે આસાન થાય. જોકે, થોડીક મહેનત પછી મને અંગ્રેજીના આંકડાને ઓળખતા અને લખતાં આવડી ગયેલું. તે પછી હું ઘરોના નંબર લખી લેતો. મને અહમદભાઈ લહેરે સલાહ આપેલી કે, જ્યાં પણ ભૂલા પડી જાઓ, તો ત્યાંથી ટેક્ષી કરીને ઘરે આવી જવાનું. કારણ કે મને અંગ્રેજી બિલકુલ આવડે નહીં એટલે કોઈ અંગ્રેજને પૂછવાનું પણ મારા માટે તો મુશ્કેલ, જોકે અંગ્રેજો શાણા લોકો ખૂબ જ મદદગાર પણ મારાથી એમની મદદ પણ ન લઈ શકાય, કારણકે હું કઈ ભાષામાં એમની મદદ લઉં?

૧૯૫૯માં મેં અને અહમદભાઈ લહેરે ભાગમાં ઘર ખરીદેલું એમાં અહમદભાઈના ૧૫ પાઉન્ડ અને મારા ૧૫ પાઉન્ડ એમ અમે ૩૦ પાઉન્ડ ડીપોઝીટ આપીને બે બેડરૂમનું ઘર ખરીદેલું. જેમા અમે ચાર જણાં રહેતા હતા. ઘરની દિવાલો પર સુંદર ડિઝાઈનના પેપરો લાગેલા હતાં. તેને જોઈને હું વિચારતો કે, આને ચીતરતાં કેટલો સમય લાગ્યો હશે? એ પેપરો ફેક્ટરીમાં બને એવું તો હું વિચારી પણ ન શકતો.

એકવાર હું કોઈની સાથે રેલ્વે સ્ટેશન પર ગયેલો ત્યાં પૈસા નાંખીને ચા નીકળતી જોઈને તો આભોજ થઈ ગયેલો. હું વિચારતો કે, આવું બધુ કેમ કરીને થતું હશે ? પણ મને એટલું તો જરૂર લાગેલું કે, હું એક સરસ દેશમાં આવ્યો છું.

શોડી મિલનું કામ છોડી મને ફોક્સન મિલમાં નોકરી મળી જ્યાં મને વીકનો, ૪૦ કલાકના ૪ પાઉન્ડ પગાર મળતો ત્યાં થોડાક વર્ષો કામ કર્યા પછી મને થોમસબર્ન લી. ટેક્ષટાઈલ મિલમાં કામ મળ્યું. જ્યાં મે થોડાંક વર્ષો કામ કર્યું. પરંતુ ત્યાં ધીમે ધીમે પાકિસ્તાની

વર્કરોની કનડગત વધવા લાગી. મને થયું આવા વાતાવરણમાં મારાથી કામ થઈ શકે તેમ નથી. એટલે એ નોકરી છોડી દીધી અને ફરીથી ફોકસનમાં આવી ગયો.

૧૯૬૦માં મે મારા ભાઈ મુસાને બોલાવ્યો અને બન્ને ભાઈઓએ મહેનત કરી પૈસા જમા કર્યા. અને અમારા મોટાભાઈ અહમદ કે જેઓ લાખી પટેલથી મશહુર હતા, ગામના પટેલ હતા અને સમાજસેવાનાં કાર્યોમાં આગળ પડતો ભાગ લેતા, તેમને અમે બોલાવ્યા. બાટલીકારનું મકાન ડેમોલિશનમાં જતા અમારે નવા ઘરની જરૂરત પડી. અમે ત્રણે ભાઈઓ ૯ હોલીગ્રો, બાટલીમાં રહેવા આવી ગયા. ૧૯૬૪માં મેં મારી ફેમિલી બોલાવી. મારા ત્રણ બાળકો હતાં એટલે મારે સગવડભર્યા ઘરની જરૂરત હતી એટલે મેં નોલ્સ રોડ પર મકાન ખરીદ્યુ. ત્રણ બેડરૂમના એ મકાનની કિંમત ૮૫૦ પાઉન્ડ હતી.

હાલમાં હું રિટાયર્ડ જીવન જીવી રહ્યો છું. સંતાનો અને પૌત્ર-પૌત્રીઓના સંગાથે એકંદરે સંતોષી અને સુખી જીવન માટે માલિકનો જેટલો આભાર માનું એટલો ઓછો જ ગણાય. આ દેશની સોશ્યલ અને હેલ્થ સિસ્ટમ મને ઘણી ગમી. ખરેખર તો આખો દેશ જ મને ગમે છે. એક પ્રામાણિક અને નાગરિકોની સંભાળ રાખતા દેશમાં વસવાને હું મારૂં સદ્‌ભાગ્ય ગણું છું.

બ્રિટનમાં છ દાયકાના વસવાટ પછી પણ અમે ઘરમાં ગુજરાતી બોલીએ છીએ, આપણા રીતરિવાજ મુજબ તહેવારો ઉજવીએ છીએ, અને નિરાંતે બેઠા હોઈએ ત્યારે માદરે વતનની યાદોને વાગોળીએ છીએ. ■


# ૯

**નામ:** યુસુફ ગુલામ મોહમ્મદ પાંડોર

**જન્મ વર્ષ:** ૧૯૩૫

**મૂળ વતન:** મોટામીયાં માંગરોલ

**યુ.કે.માં આગમન:** ૧૯૫૭



૧૯૫૫માં અભ્યાસ છોડી દીધો અને આફ્રિકાના દેશો ન્યાસાલેન્ડ, રહોડેશિયા જવાનો વિચાર કીધો. ત્યાં જવા માટે અંગ્રેજીની પરીક્ષા આપવી પડતી હતી તેની તૈયારીરૂપે મેં અંગ્રેજી શીખવા માટેના ખાસ ક્લાસો ભરવાના શરૂ કર્યા. પરંતુ ત્યાંની રાજકીય સ્થિતીને કારણે ત્યાં જવાનો માર્ગ બંધ થઈ ગયો. તેના કારણે થોડીક હતાશા અનુભવાતી હતી. કારણ કે મેં પરદેશ જવાનો મક્કમ નિર્ણય કરી રાખ્યો હતો. ત્યાં જવાનું પણ ન થતા મેં હિંમત રાખી, અને એક કાપડની સહકારી મંડળીમાં નોકરી મળેવી લીધી.

નોકરી સારી હતી. જીવન ગુજારો થઈ રહ્યો હતો એ દરમિયાન મારી મુલાકાત મારા ગામના ડૉ. ગુલામ બોબાત સાથે થઈ. તેઓ આલીપોરની હોસ્પિટલમાં નોકરી કરતા હતા. આલીપોરના અને ચીખલી તાલુકાના વિસ્તારના મુસ્લિમો યુ.કે. જવાની તૈયારીમાં લાગી ગયા હતા. ત્યાં આખો દિવસ યુ.કે. જવાની ચર્ચાઓ થતી

હતી. ડોક્ટર સાહેબ પણ એ ચર્ચામાં ભાગ લેતા હતા અને જ્યારે ગામ આવતા ત્યારે અમારા જેવા યુવાનોને સલાહ આપતા હતા કે, તમે પણ યુ.કે. જવાની કોશિશ કરો. મને પણ એમણે એજ કહેલું. ત્યારે મેં ડોક્ટર સાહેબને કહેલું કે, મારી પાસે ઈંગ્લેન્ડનો પાસપોર્ટ નથી. ડોક્ટર સાહેબે મને સમજ આપી કે, યુ.કે. એક ફ્રીપોર્ટ દેશ છે. ત્યાં જવા માટે કોઈ ખાસ પાસપોર્ટની જરૂરત હોતી નથી. અલબત્ત તમારી ઓળખ અને તમે કયા દેશના નાગરિક છો એની સાબિતીરૂપે તમારી પાસે એક પાસપોર્ટ હોવો જોઈએ.

મેં વડીલોની સલાહ લીધી અને તેમણે મને અમીચંદ નામના એક પાસપોર્ટ એજન્ટનું નામ આપ્યું. મેં એ પાસપોર્ટ એજન્ટનો સંપર્ક સાધ્યો અને એને યુ.કે. જવાનું કામ સોંપી દીધું. સાત મહિનામાં એમણે પાસપોર્ટ મેળવી આપ્યો અને કહ્યું કે, યુ.કે. જવાની તૈયારી કરો. અને હું પી.આઈ. એરલાઈન્સ દ્વારા યુ.કે. આવ્યો. એ મારી એરની પ્રથમ મુસાફરી હતી. એકંદરે એરની મુસાફરી સારી રહી. કોઈ ખાસ ગભરાટ થયો નહીં. એર હવામાં ઉડ્યું અને ઉડતું રહ્યું તેની કંઈ અજબ પ્રકારની અનુભૂતિ થવા લાગેલી. અમારૂં એર હીથરો એરપોર્ટ પર ઉતર્યું. તે સમયે લંડનમાં બે એરપોર્ટ હતાં. લંડન નોર્થ અને લંડન સાઉથ જે મોટેભાગે ડોમેસ્ટીક ફ્લાઈટ માટે વપરાતું હતું.

મને એક ઓળખીતા ભાઈએ એક પારસી સદ્‌ગૃહસ્થનો એડ્રેસ આપ્યો હતો. તેઓ સ્વીસકોટેજ, લંડનમાં રહેતા હતા. ટેક્ષી કરી ત્યાં ગયો ત્યાં એક અઠવાડિયું રહેવાનું થયું. એક યજમાન તરીકે એ સજ્જને મારી ખૂબ સારી સરભરા કરી. લંડનમાં મેં નોકરી માટે ઘણાં પ્રયત્નો કર્યાં. પરંતુ તે સમયે સુએઝ ક્રાઈસીસ - ના કારણે નોકરી મળી નહીં.

લંડનમાં મને લાગ્યું કે, નોકરી મળવી અશક્ય છે. એટલે મારી પાસે કોવેન્ટ્રીમાં રહેતા એક ભાઈનું સરનામું હતું. તે આધારે ટ્રેન મારફતે હું કોવેન્ટ્રી ગયો. ત્યાં એક અઠવાડિયું રહ્યો. અનાયાસે મને નોકરી મેળવવાના પ્રયાસમાં ઘણી મદદ કરી. પરંતુ અહીં પણ નોકરી મળી નહીં. છેવટે ડ્યુઝબરી જવાનો વિચાર કર્યો. મારી પાસે ત્યાં રહેતા ઈબ્રાહીમભાઈ રાવતનો એડ્રસ હતો એટલે હું ડ્યુઝબરી જવા નીકળી પડ્યો. ડ્યુઝબરીમાં રહેતા મુસાભાઈ ઘોરાત મને મરફિલ્ડ લઈ ગયા. ત્યાં મને એક ટેક્ષટાઈલ મીલમાં નોકરી મળી ગઈ. ત્યારથી આજ લગી હું ડ્યુઝબરીમાં રહું છું બલ્કે એમ કહું તોપણ કંઈ ખોટું નથી કે હું ડ્યુઝબરીમાં તે સમયે એશિયનોની વસ્તી જૂજ હતી. અને અંગ્રેજ જાણનારા પણ જૂજ. હું શનિ-રવિની રજાઓના દિવસોમાં લાયબ્રેરીમાં અંગ્રેજી પેપરો વાંચવા નિયમિત જતો. ત્યાં ફક્ત એક માત્ર બીજો એશિયનભાઈ પણ પેપર વાંચવા આવતો હતો. લાયબ્રેરીમાં મને એક અંગ્રેજ મહિલા મળી તેણે મને કન્ઝરવેટીવ પાર્ટીની મિટિંગમાં આવવાનું આમંત્રણ આપ્યું. હું સ્થાનિક કન્ઝરવેટીવ પાર્ટીની મિટિંગમાં ગયો. તે પછી હું નિયમિત એ પાર્ટીની મિટિંગમાં જવા લાગ્યો. ૧૯૫૯ના જનરલ ઈલેક્શનમાં ડ્યુઝબરીના કન્ઝરવેટીવ ઉમેદવાર મોરીસ મેકમિલન કે જેઓ વડા પ્રધાન હેરલ્ડ મેકમીલનના પુત્ર હતા. તેમને ઘણી મદદ કરી જ્યારે પણ એમને એશિયનો માટે ઈન્ટરપ્રીટરની જરૂરત પડતી ત્યારે હું તેમને મદદ કરતો. મારી થોડીક રાજકીય પ્રવૃત્તિ દરમિયાન મારી મુલાકાત જાણીતા રાજકીય નેતાઓ સેલ્વીન લોઈડ, આર એ બટલર, એન્થની ઈડન અને લેડી હ્યુમ જેવી વિભૂતિઓ સાથે મળવાનું થયું.

તે પછી ડ્યુઝબરીમાં રહેતા સામાજિક કાર્યકર યુસુફભાઈ મમણીયાતભાઈના સંપર્કમાં આવ્યો. તે સમયે યુસુફભાઈ ડ્યુઝબરી - બાટલીની મુસ્લિમ સોસાયટીમાં ખૂબ સક્રિય હતા અને તેઓ ૨૦૬ બ્રડફોર્ડ રોડ પર આવેલી એક ઈમારત ખરીદવાના પ્રયાસો કરી રહ્યા હતા. એ ઈમારત ફેક્ટરીના એક હોલ જેવી હતી. તેને ખરીદીને મુસ્લિમો માટે ત્યાં નમાઝ પઢવાની વ્યવસ્થા કરવાનો ઈરાદો હતો. એમના આગ્રહથી હું મુસ્લિમ સોસાયટીની મિટિંગોમાં જવા લાગ્યો. અને આસિસ્ટન્ટ સેક્રેટરી તરીકેની બેત્રણ વર્ષ સુધી જવાબદારી સંભાળી. ૨૦૬ બ્રાડફોર્ડની ઈમારત ખરીદાઈ, અને ત્યાં મસ્જિદની વ્યવસ્થા થઈ. જેને કદાચ સમગ્ર ઈંગ્લેન્ડની ત્રીજી કે ચોથી મસ્જિદ ગણવામાં આવે છે. અને મુસ્લિમ સોસાયટીનું કાળક્રમે નામ બદલાયું. જે આજની વિશાળ અને પ્રખ્યાત ઈન્ડિયન મુસ્લિમ વેલ્ફેર સોસાયટી બાટલી ડ્યુઝબરીની કેન્દ્ર સંસ્થા તરીકે સેવા બજાવી રહી છે.

જીવનનિર્વાહ માટે મિલમાં નોકરી અને વીકએન્ડમાં મોટેભાગે સામાજિક કાર્યોમાં વ્યસ્ત રહેતો. એક વેળા ઈબ્રાહીમભાઈ ઝીણા નામના ભાઈને બ્રિટિશ પાસપોર્ટ બનાવવો હતો. તેમણે ઘણી કોશીશ કરી પરંતુ જાણકારીના અભાવે તેમને સફળતા મળી નહી. એક દિવસે મારી સાથે તેમનો ભેટો થઈ ગયો. પાસપોર્ટ મેળવવાની નિષ્ફળતાથી ખૂબ વ્યથિત હતા. તેમણે પોતાની વ્યથા મને જણાવી અને એ બાબતે મદદ કરવા કહ્યું હું તેમને સ્થાનિક એમ. પી. ડેવિડ ગીન્સબર્ગ પાસે લઈ ગયો અને પાસપોર્ટ ન મળવાની હકીકત જણાવી. મી. ગીન્સબર્ગે સમજાવ્યું કે, આમ સીધેસીધો બ્રિટિશ પાસપોર્ટ ન મળી શકે, એ માટે તમારે પહેલાં સીટિઝન થવું પડશે. તેમની સલાહને આધારે મેં એ ભાઈ માટે હોમ ઓફિસમાંથી નેશનાલિટીનું ફોર્મ મંગાવ્યું અને બ્રાડલી સોલિસિટર બે શીલિંગ,

આજની ૧૬ પેન્સનાં ચાર્જ કરી ફોર્મ પર નોટરી તરીકેની સહી કરી આપી. આ વાતની જાણ થતાં ઘણાં ભાઈઓએ બ્રિટિશ નેશનાલિટી માટે મારી મદદ માંગતા રહ્યા અને મેં ઘણા ભાઈઓને એમાં મદદ કરી. તેમને બ્રિટીશ નેશનાલિટી મેળવી આપી.

૧૯૬૯માં મેં મિલની નોકરી છોડી અને બ્રાડફોર્ડમાં ફ્રૂટ હોલસેલ માર્કેટમાં નોકરીએ લાગી ગયો. ત્યાં ૩૦ વર્ષ એકધારૂં કામ કર્યું. અને ૨૦૦૭માં રિટાયર્ડ થયો. અત્યારે તો હું નિવૃત્ત જીવન આનંદપૂર્વક વીતાવી રહ્યો છું.

આ દેશની ન્યાય વ્યવસ્થા માટે મને ખૂબ માન છે. જ્યાં ભેદભાવ વિના દરેક નાગરિકને ન્યાય મળે છે. દેશના લોકો ઘણા મળતાવડાં અને ઈમાનદાર છે. અહીંની હેલ્થ સર્વીસ ખરેખર તારીફને કાબિલ છે. જેનો લાભ ગરીબ ધનિકને એક સરખો મળે છે. ઈન્ડિયા બેત્રણ બાબતે ખૂબ યાદ આવે છે. ખાસકરીને અહીંના ઠંડા વાતાવરણમાં ભારતનો તડકો વધુ યાદ આવે છે. ત્યાંનો સાંસ્કૃતિક માહોલ પણ ભૂલી શકાય તેમ નથી. ત્યાંનું વાતાવરણ ખૂબ જ મુક્ત અને નિરાંતવાળું, શિયાળામાં લોકો ધૂણી તાપતા બેઠા હોય. ઉનાળે લીમડાના છાંયડે બેસી ગપાટા મારતા હોય. અને ઉત્સવો પણ રંગેચંગે ઉજવાતા હોય. ફળિયામાં બાળકો વિવિધ રમતો રમતાં ધિંગામસ્તી કરતાં હોય. ખેડૂતો હળ અને બળદગાડાં લઈ સીમમાં જતા હોય એ બધાં દશ્યો હજુ આંખ સામે તરવરે છે. ■


# ૭

**નામઃ** ફકીર હસન દાજી

**જન્મ વર્ષઃ** ૧૯૩૪

**મૂળ વતનઃ** આલીપોર

**યુ.કે.માં આગમનઃ** ૧૯૬૨



અમારા જ ગામમાં નહીં, બલ્કે અમારા સમગ્ર વિસ્તારમાં મુસ્લિમ સમાજમાં ભણતર ઓછું. અમે ચારપાંચ મિત્રોએ શિક્ષણ પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કર્યું. ગામમાં બાળકોના શિક્ષણ પ્રતિ રુચિ પેદા થાય. તે માટે પ્રયાસો કર્યા. પરંતુ સૌથી પહેલાં તો અમારે જ શિક્ષણ પ્રતિ ધ્યાન આપવું અત્યંત જરૂરી હતું. હું બ્રિટન આવ્યો તે પહેલાં સુરતની પ્રખ્યાત કે. પી. કોલેજ ઓફ કોમર્સમાં છેલ્લા વર્ષમાં અભ્યાસ કરી રહ્યો હતો.

મારા ચાર ભાઈ ઈંગ્લેન્ડમાં ઠરીઠામ થઈ ગયા હતા અને મને પણ વારંવાર પત્રો દ્વારા યુ.કે. આવવાની ભલામણ કરતા રહેતા હતા. હું પણ વિચારતો રહેતો કે, બધાજ ભાઈઓ, સગાઓ અને ગામના ઘણા લોકો યુ.કે. પહોંચી ગયા છે તો મારે પણ જવું જોઈએ અને આખા ગામનું વાતાવરણ એવું થઈ ગયું હતું કે, સૌ કોઈ યુ.કે. જવાના વિચારો કરતા અને જવાની તૈયારીમાં લાગી ગયા હતા.

૧૯૬૨માં બ્રિટનમાં નવો ઈમિગ્રેશન એક્ટ લાગુ થવાની ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી હતા. એક તરફથી ભાઈઓનો આગ્રહ બીજી તરફ ગામનું વાતાવરણ બ્રિટન જવામાં ઉત્સાહ પ્રેરી રહ્યું હતું. મારો યુ.કે. જવાનો મુખ્ય ઉદ્દેશ તો એજ હતો કે, ભાઈઓ ત્યાં ઠરીઠામ થઈ ગયા છે. અને સાથે સાથે મારી ખુદની આર્થિક સ્થિત સુધરે. મેં તૈયારી શરૂ કરી અને થોડાક સમયમાં પાસપોર્ટ પણ મળી ગયો. મેં સ્ટીમર દ્વારા પ્રવાસ કરવાનો નિર્ણય કર્યો. અને P & O કંપની સ્ટીમરની ટિકિટ મેળવી.

૧૯૬૨ના માર્ચ મહિનામાં મારી મુસાફરી શરૂ થઈ. મારા ભાઈ ઈબ્રાહીમના બે પુત્રો ઈસ્માઈલ અને શબ્બીરનો સંગાથ હતો. તેઓ નાની વયના હોઈ તેમની તમામ જવાબદારી મારા શીરે હતી. અમારી સ્ટીમર મુંબઈથી નીકળી એડન, સુએઝ પોર્ટ સઈદ થઈને નેપલ્સ (ફ્રાન્સ) થઈ લંડનના ટીલબરી બંદરે પહોંચી.

દરિયાઈ મુસાફરી પણ જીવનનો એક અનોખો અનુભવ કરાવે છે. સ્ટીમરની અંદરનું વાતાવરણ તો જાણે એક નાનું સરખું શહેર હોય એવું લાગે છે બધી જ સગવડો જમવા માટે સુંદર કેન્ટીન, રમતગમત અને કસરત કરવાના પણ ઘણાં સાધનો, સ્વીમિંગની પણ વ્યવસ્થા. એક કેબિનમાં અમે ચાર જણા રહીએ. તૂટક પર જઈને નજર કરો તો ચારો તરફ માત્ર પાણી અને પાણી જ નજર આવે. ત્યારે એવું થયા વગર ન રહે કે ક્યારે જમીન આવે. જ્યારે અમારી સ્ટીમર એડન પહોંચી ત્યારે અમને એકાદ દિવસ એડનમાં ફરવાનો સમય મળેલો. ત્યાં ડૉ. ગુલામ હુસેન બોબાત અમને મળવા આવેલા અને અમારી સાથે ફરીને અમને એડન બતાવેલું.

છેવટે અમારી ઈન્તેઝારીનો અંત આવ્યો અને અમે લંડનના ટીલબરી બંદરે ઉતર્યા. ત્યાં મારા ભાઈ ઈસ્માઈલ અને મિત્ર યુસુફ મમણીઆત અમને લેવા માટે આવ્યા હતા. ભાઈ યુસુફની કારમાં અમે લંડનથી બાટલી આવ્યા. બાટલીમાં ક્રોસ બેન્ક રોડ પર ૮ નંબરનું મારા ભાઈઓનું ઘર હતું. જેમા મારા બીજા ભાઈ ઈબ્રાહીમ અને અહમદભાઈ પણ રહેતા હતા.

બ્રિટનમાં આગમન થયું ત્યારે હજી વિન્ટર પૂરો થયો ન હતો. માર્ચ મહિનો ચાલી રહ્યો હતો તેથી હજી વીન્ટરનું અંધકારભર્યું વાતાવરણ છવાયેલું રહેતું હતું. ગરમ વાતાવરણમાંથી આવ્યો હતો તેથી જરા ઠંડી લાગતી હતી. ઠંડીનો પ્રથમ અનુભવ થઈ રહ્યો હતો. જોકે સાથે હું બે બ્લેન્કેટ લઈને આવ્યો હતો. તેમાંથી ઠંડીનો સામનો કરવામાં થોડી રાહત મળી રહેતી હતી. મિત્રો અને સંબંધીઓની મુલાકાતો કરવામાં થોડા દિવસ પસાર થયા. મને કામ શોધવામાં મુશ્કેલી ન પડી. મોટાભાઈ ઈસ્માઈલ થોમસ બર્નલી નામની પ્રખ્યાત ટેક્ષટાઈલ મિલમાં કામ કરતા હતા. ત્યાં જ મને કોમ્બીંગ વિભાગમાં કામ મળી ગયું. ફેક્ટરીમાં બે શીફ્ટ (પાળી) ચાલતી. એક સવારની અને બીજી નાઈટશીફ્ટ (રાતપાળી) સવારની શીફ્ટ સવારે ૬ થી સાંજના ૫.૩૦ વાગ્યા સુધી. આમ અઠવાડિયાના ૬૫ કલાકની ડ્યુટી ભરવી પડતી. પાંચ દિવસ અને ૫૪ કલાક કામના ૧૧ થી ૧૨ પાઉન્ડનો પગાર મળતો.

મોટાભાઈ શિક્ષિત હતા એટલે એમને અંગ્રેજી સારૂં આવડતું. જેથી એમના ભાગે ઈન્ટરપ્રિટરનું કામ વધુ આવતું. જ્યાં ઘણા ગુજરાતી વર્કરો હતા. એટલે ઈસ્માઈલભાઈ ગુજરાતીમાં અનુવાદ કરી દેતા હતા. પણ ઘણાં પાકિસ્તાની ભાઈઓ પણ કામ કરતા

હતા. તેમને ઉર્દુમાં અનુવાદ મારે કરવો પડતો. કામ પર જવા માટે બાટલીથી બે બસો બદલવી પડતી. જે શિયાળાની સખત ઠંડીમાં ઘણું મુશ્કેલ બની જતું. ફેક્ટરીનું કામ ઘણું બીઝી હતું. પણ એટલુ મુશ્કેલ ન હતું. જરા વધુ સતર્ક રહેવું પડતું. જો કે દરરોજ ૧૨ થી ૧૩ કલાકની ડ્યુટીનો સમય ઘણો અઘરો બની જતો. પાંચ દિવસ કામ કરતાં ઘણો થાક અનુભવાતો. આટલી લાંબી ડ્યુટી કર્યા પછી પણ હું અઠવાડિયાના બે એક દિવસ નાઈટ શીફ્ટમાં ટેક્ષટાઈલનો કોર્સ કરવા જતો હતો. વેસ્ટયોર્કશાયરનો એરિયા વુલન ટેક્ષટાઈલ માટે જગવિખ્યાત હતો. અહીંની આબોહવા અને પાણી વુલન ટેક્ષટાઈલ માટે માફક આવે તેથી અહીં ટેક્ષટાઈલનો ઉદ્યોગ પૂરતા પ્રમાણમાં ખીલ્યો હતો.

૧૯૬૨માં અહીં આવ્યા પછી ૧૯૬૬માં એટલે ચાર વર્ષ પછી હું ફરીથી ભારત ગયો. જ્યાં મારા સંતાનો અભ્યાસ કરી રહ્યાં હતાં. તેમનો અભ્યાસ, ખાસ કરીને ઈસ્લામિક અભ્યાસ પૂરો કરાવવાનો હતો એટલે મારે ત્યાં આઠ નવ વર્ષ રહેવું પડેલું. બ્રિટનના પ્રથમ ચાર વર્ષના વસવાટ દરમિયાન બાટલીની મુખ્ય સંસ્થા ઈન્ડિયન મુસ્લિમ વેલફેર સોસાયટી ત્યારે માત્ર ‘મુસ્લિમ સોસાયટી’ નામ ધરાવતી હતી. તેમાં પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળવાની તક મળી હતી. એ ચાર વર્ષમાં મેં સોસાયટીની એકઝેક્યુટીવ કમિટીમાં રહીને સમાજસેવાનાં કાર્યોમાં સક્રિય રહ્યો હતો.

બ્રિટનના લાંબા વસવાટ દરમિયાન બ્રિટન વિશે એટલો અભિપ્રાય અચૂક આપી શકું કે, બ્રિટનના લોકો ખૂબ મળતાવડા અને મદદગાર છે અને વાયદાને બરાબર નિભાવી જાણે છે. વળી અહીંની ન્યાય પ્રક્રિયા બરાબર હોય છે. ઉપરાંત અહીંની એજ્યુકેશનલ

સીસ્ટમ પણ ઘણી ઉચ્ચકક્ષાની છે અને નેશનલ હેલ્થ દ્વારા તમામ નાગરિકો મફત સેવા ઉપલબ્ધ હોય છે.

આપણા સામાજિક, સાંસ્કૃતિક વારસાના જતન માટે પણ બ્રિટનમાં ઘણી સુવિધા છે. ગુજરાતી ભાષા અને સાહિત્યની પ્રવૃત્તિ કરવી હોય તો સરકાર તરફથી નાણાંકીય સહાય પણ મળે છે. આ સગવડોનો લાભ લઈ આપણી યુવાપેઢીએ આ પ્રકારની પ્રવૃત્તિઓમાં રસ લેવો જોઈએ. આમ થશે તો જ આપણો વારસો બ્રિટનમાં સચવાશે. ■

# ૮

**નામઃ** ઈબ્રાહીમ મહમદ બદાત
**જન્મ વર્ષઃ** ૧૯૩૪
**મૂળ વતનઃ** અંભેટા
**યુ.કે.માં આગમનઃ** ૧૯૫૭



નાનપણથી જ મને પરદેશ જવાના વિચારો આવ્યા કરતા હતા. દુનિયાના કોઈપણ દેશમાં તક મળે તો જવું જોઈએ. પરદેશ જવાના મારા વિચારો બ્રિટન પૂરતા મર્યાદિત ન હતા. મને તો ગમે તે દેશમાં જવું. પરદેશનું ધૂન એટલું પ્રબળ રહેતું કે, અગર પરદેશ જવામાં સફળતા ન મળે તો છેવટે મુંબઈ પણ જવું. હું માનતો કે, ગામને છોડવા સિવાય ઉજ્જવળ ભાવિની શક્યતા નથી. મને લાગ્યા કરતું કે, આર્થિક સુધાર માટે સ્થળાંતર અનિવાર્ય છે.

મારા પરદેશ ગમનના વિચારો પાછળનું મુખ્ય કારણ એ હતું કે, મારા કુટુંબના ઘણા લોકો સાઉથ આફ્રિકા જઈને ઠરીઠામ થયેલા. તેમનું ગામ આવવાનું થતું. તેમની સાથે મુલાકાતો થતી. વાર્તાલાપ થતા. તેમણે સાધેલ આર્થિક પ્રગતિની ઝાંખી થતી. તેમની સિદ્ધિનો મારા પર પ્રભાવ રહેલો. મને તેમની જીવનશૈલી આકર્ષક લાગતી. અને પરદેશ જવાના મારા વિચારો વધુ દ્રઢ બનતા.

૧૯૫૩માં મોટાભાઈ અહમદ બ્રિટન ગયા. તે પછી તો મેં પાકો નિર્ણય જ કરી લીધેલો કે, તક મળે બસ યુ.કે. જ જવું. યુ.કે જ મારી પ્રથમ પસંદગી થઈ ગયેલી. ભાઈ અહદમદના પત્રો મળતા, તેમાં વારંવાર યુ.કે.નો ઉલ્લેખ રહેતો.

તે પછી તો મારા ગામ અને આજુબાજુના ગામોમાં યુ.કે. જવાનો વાયરો જોરથી ફૂંકાવા લાગેલો. જે કોઈને મળો તો બધાજ પાસેથી યુ.કે.ની વાતો સાંભળવા મળે પાસપોર્ટ એજન્ટોના નામો પણ લોકોના મોઢા પર. ત્યારે ચાર પાંચેક જાણીતા થયેલા પાસપોર્ટ એજન્ટો ખૂબ સક્રિય. લોકો પોતે પોતાની રીતે એજન્ટોના નામ સૂચવે. મેં પણ એક અમરચંદ શાહ નામના પાસપોર્ટ એજન્ટ પર પસંદગી ઉતારેલી. મુંબઈ જઈ તેને પાસપોર્ટનું કામ સોંપી દીધેલું. તેણે પાસપોર્ટ અને ટિકિટ મળી કુલ ચાડાચાર હજાર રૂપિયાનો ખર્ચ બતાવેલો. તેને જરૂરી કાગળો સુપર્દ કરી ગામ ચાલી ગયેલો.

લગભગ ત્રણેક મહિના પછી એજન્ટનો પત્ર મળ્યો તેમાં પાસપોર્ટ મળી ગયાની જાણ કરી હતી. અને ટિકિટની તારીખ નક્કી કરવા મુંબઈ ઓફિસે મળવાનો આદેશ પણ હતો. હું જ્યારે મુંબઈ એજન્ટની ઓફિસે પહોંચ્યો તો ત્યાં બારડોલી વિસ્તારના બીજા ચાર કણબી પટેલો પણ બેઠેલા હતા. તેમણે ધોતિયાં પહેરેલાં હતાં. તેમને જોતાં જ લાગે કે, તેઓ છેવાડાના ગામડાના કોઈ અશિક્ષિત ખેડૂતો છે.

એ ભાઈઓ તરફ ઈશારો કરતાં અમરચંદે મને કહ્યું કે, ‘‘આ ચારે ભાઈઓ આપની સાથે બ્રિટન જવાના છે. એ લોકો આખી જિંદગી ખેતીના કામમાં પરોવાયલા રહ્યા એટલે એમને કદી ગામ છોડી દૂર બહાર જવાનું થયુ નથી. તેમાં પરદેશનો તો સવાલ જ

ઉપસ્થિત થતો નથી. એમને આ સફર માટે તૈયાર કરવાના છે. પ્રથમ તો એજન્ટની વાત મારી સમજમાં ન આવી. પણ અમરચંદે ખુલાસો કરતાં કહ્યું કે, 'એમને કોટ-પાટલૂન પહેર્યાં નથી. તો પછી ટાઈ બાંધવાનો તો સવાલ જ થતો નથી. તમે ઘણીવાર મુંબઈ અને બીજા મોટા શહેરમાં ગયેલા છો. એટલે એમને ઘણું બધું શીખવવાનું છે. મુંબઈથી લંડન સુધીની એક સફરમાં એમને તમારે સાથે રાખવાના છે. એમને ટ્રેનિંગ આપવા માટે તમારે થોડા સમય અહીં રહેવું પડશે.'

ચારે પટેલોને સલાહ આપતાં એજન્ટે કહેલું કે, 'તમારે હંમેશાં ઈબ્રાહીમભાઈની પાછળ રહેવાનું, એર હોસ્ટેસ પાસે જે કાંઈ માંગવું હો તે પ્રથમ ઈબ્રાહીમભાઈને કહેવાનું. ટૂંકમાં મને એમણે અનુસરવાનું. અને મારે એ જવાબદારી નિભાવવાની. એમને ટ્રેઈન કરવા માટે મારે મુંબઈમાં થોડા દિવસો રહેવું પડેલું. એમને વારંવાર સૂટ કાઢીને પહેરાવવા પડેલા. ટાઈ બાંધવાનું પણ એમના માટે અઘરૂં કામ હતું. સૂટ પહેરાવીને બે ત્રણવાર કોઈ સારી હોટલમાં જમવા લઈ જઈને, જમતીવેળા અવાજ ન થાય વગેરે શીખવવું પડેલું.

૧૯૫૭ના ડિસેમ્બર મહિનાના શિયાળાના દિવસોમાં મુંબઈથી બી.ઓ.એ.સી.નું હવાઈ જહાજ અમને લઈને ઉડ્યું. સમગ્ર પ્રવાસમાં મેં એ ચારે પટેલોને સંભાળ્યા. કંઈ અજુગતું કે હાસ્યપદ બનાવ બન્યો નહીં. એર ઝડપથી અમને વતનથી દૂર કરી રહ્યું હતું. વતન છૂટી રહ્યાનો ત્યારે મને એહસાસ થઈ રહ્યો હતો. આખી જિંદગી ધરતી સાથે જ કામ રહેલું તે બધુ જ હવે એક સંભારણુ બની રહ્યું હતું. એક તરફ વતન છોડવાનું દુઃખ તો બીજી તરફ ભાવિના સ્વપ્નાં. એજ વિચારોની હાળમાળા ચાલ્યા કરેલી. અને ડિસેમ્બર મહિનાની કડકતી ઠંડીમાં અમે હિથરો એરપોર્ટ ઉતરેલા.

પ્રથમ દૃષ્ટિએ જ બધું અંધકારમય લાગી રહ્યું હતું. સખત ઠંડી અને વાદળોથી ઘેરાયેલા વાતાવરણમાં પગ મૂકતાં જ કોઈ અજનબી ધરતી પર આવી પડ્યો હોય એવું લાગી રહ્યું હતું. ચારે પટેલોને તેમના સંબંધી લેવા માટે આવેલા. તેમણે મારો આભાર માની એ ચારે જણને લઈ ગયેલા. હું પણ મને જે ભાઈ લેવા માટે આવેલા તેમની સાથે ટ્રેન દ્વારા ઉત્તરે આવેલા યોર્કશાયરના એક નાના સરખા ટાઉન બાટલીમાં પહોંચી ગયેલો તે દિવસે એટલો બધો બરફ પડ્યો હતો કે, મારા જેવા નવઆગંતૂક માટે તો ચાલવાનું જરાયે ફાવતું ન હતું. મેં જિંદગીમાં કદી બરફ જોયો ન હતો. આટલો કઠણ શિયાળાનો પ્રથમ અનુભવ બહુ જ તકલીફ ભર્યા લાગેલો તે સમયે બરફ પૂરા અઠવાડિયા સુધી જામેલા રહે. સૂરજ તો કદી દેખા નદે. કદી કદી તો ભારત પાછા જવાના વિચારો પણ આવતા.

બાટલીમાં આવ્યાને હજી થોડાક જ દિવસો થયાને બર્કિનશોમાં એક મિલમાં ડે શીફ્ટની નોકરી થઈ ગઈ. ત્યાં મને કહેવામાં આવ્યું કે, ક્રિસમસની રજાઓ પછી નોકરી શરૂ થશે. પણ જ્યારે હું ક્રિસમસ પછી ત્યાં ગયો તો ખબર મળી કે, મિલ બંધ થઈ ગઈ હતી. તે પછી એક આખું વર્ષ બેકાર રહેવું પડેલું. જો કે, ભાઈનું ઘર હતું એટલે ઝાઝી તકલીફ વિના વર્ષ પસાર થઈ ગયેલું. છતાં દિવસો પસાર કરવાના મુશ્કેલ હતા. નોકરીની તલાશમાં મિલોના ચક્કર લાગવવા પડતાં પણ એક વર્ષ પસાર થઈ ગયું છતાં ક્યાંયે નોકરી ના આશાજનક ચિહ્નો જણાતાં ન હતાં. છેવટે કંટાળીને લેન્કેશાયરમાં બ્લેકબર્નના ગ્રેટ હારવૂડમાં એક ટેક્ષટાઈલ મિલમાં નોકરી મળી જતાં ત્યાં નોકરી સ્વીકારી લીધેલી ત્યાં ટેક્ષટાઈલ મિલમાં છ મહિના નોકરી કરી પણ દિલ લાગ્યું નહીં. જ્યાં પ્રથમ ઉતરેલો તે બાટલીમાં

જવાનું મન લલચાયા કરેલું. અને નસીબ સંજોગે સેવિલટાઉનમાં ડોરમી બ્રિટાનિયા (હાલ જ્યાં બીએન્ડ કયુ છે) મિલમાં નોકરી મળી જતાં ફરીથી બાટલીમાં પુનરાગમન થયેલું.

થોડો સમય ડોરમીમાં કામ ભર્યા પછી જ ચીકનલીમાં એસ. લાયલ નામની ટેક્ષટાઈલ મિલમાં નાઈટશીફ્ટમાં નોકરી મળી ગયેલી. મિલનો માલિક મેનેજર તરીકેની ફરજ પણ બજાવે. પોતે જ ડ્રાઈવિંગ કરીને માલની ડિલીવરી કરે મારા પ્રત્યે કુણી લાગણી ધરાવે એકવાર એવું બનેલું કે માલ ઉતારતી વેળા મારો હાથ એના બીમ નીચે દબાઈ ગેલો. ઘણું લોહી વહેવા લાગેલું. મને લાગેલું કે હું મૂર્છાવિશ થઈ જઈશ જોકે, હજી એટલો બેભાન થયો ન હતો છતાં મને ઊંચકીને માલિક શીન્ક સુધી લઈ ગયેલા અને જે હાથમાં વાગ્યું હતું તેને ગરમ પાણીમાં બોળી ડૂબાવી દીધેલો. જેથી કરીને વધુ લોહી ન વહી જાય.

એસ.લાયલમાં થોડા વર્ષો કામ કર્યા પછી મને બાટલીમાં જ થોમસકાર ટેક્ષટાઈલ મિલમાં નોકરી મળી ગયેલી. મને આવ્યાને હવે પાંચ વર્ષ થવા આવ્યાં હતાં. થોડો ઘરઝૂરાપો પણ વર્તાઈ રહ્યો હતો. એટલે મેં ઈન્ડિયા જવાનો વિચાર કર્યો. અને ૧૯૬૩માં હું ઈન્ડિયા પરત ફર્યો. માતાના અવસાન પછી ફરીથી ૧૯૬૬માં યુ.કે. આવી ગયો. આવ્યા પછી બાટલીમાં માઉન્ટપ્લેઝન્ટ વિસ્તારમાં બેલ્વેડીયર રોડ પર બે રૂમનું મકાન ખરીદ્યું. જેનો એકરૂમ ઉપર અને એક રૂમ નીચે હતો. ટોઈલેટ ઘરની બહાર યાર્ડમાં રહેતું હતું. તે ઘરની કિંમત મેં ૪૫૦ પાઉન્ડ ચૂકવેલી. ૧૯૬૮માં ફેમિલીનું આગમન થતાં ડેનીસન સ્ટ્રીટમાં જરા મોટું ઘર ખરીદેલું.

યુ.કે. માં મારા વસવાટને ૬૦ વર્ષ થયાં. શરૂઆતમાં મુશ્કેલી પડી, પણ ઠરીઠામ થયા પછીનું જીવન સુખમય રહ્યું. આ દેશ એના નાગરિકોની કાળજી લે છે, અને અહીં બધી સુવિધાઓ મળે છે. અમારા શરૂઆતના દિવસોના જીવનમાં અને હાલના જીવનમાં ઘણો તફાવત છે. હાલની પેઢીને તે વખતની તકલીફોનો ખ્યાલ ન આવે. ■

# ૯

**નામઃ** ઈબ્રાહીમ મોહમ્મદ ભુલા

**જન્મ વર્ષઃ** ૧૯૩૩

**મૂળ વતનઃ** કાલાકાછા

**યુ.કે.માં આગમનઃ** ૧૯૬૨



બ્રિટન આવવા પહેલાં વેસ્માની હાઈસ્કૂલમાં અને તે પછી ઝગડીયા હાઈસ્કૂલમાં અભ્યાસ કરતો હતો. ૯માં ધોરણ સુધી અભ્યાસ કર્યા પછી મેં હાઈસ્કૂલ છોડી દીધેલી. અને સુરતની એક ટેક્ષટાઈલ મિલમાં નોકરીએ લાગી ગયો. એ નોકરી મેં બે વર્ષ કરી.

મારો ભાઈ અને મારા બે મામાના દીકરા ૧૯૫૨માં યુકે આવી ગયા હતા. તેમનો સતત આગ્રહ રહેતો કે, મારે પણ યુકે જવું જોઈએ. મને થયું કે ભાઈઓ આટલો બધો આગ્રહ કરે છે તો દેશ જરૂર સારો હોવો જોઈએ એટલા મેં પણ તૈયારી કરવા માંડી. એક એજન્ટને પાસપોર્ટનું કામ સોંપ્યું. છ મહિના પછી મને પાસપોર્ટ મળી ગયો. અને હું ૧૯૬૨માં એર કુવેત દ્વારા યુ.કે. આવ્યો. એ મારી એરોપ્લેનની પહેલી મુસાફરી એટલે કંઈક અંશે થોડો નર્વસ થઈ ગયેલો. વળી વતન અને સગાંઓને છોડવાનો ગમ પણ હતો.

એરમાં સારા સંગાથીઓ મળ્યા એટલે મુસાફરી આસાનીથી પૂરી થયેલી લંડનના હીથરો એરપોર્ટ પર પ્લેને ઉતરાણ કર્યુ અને હું બ્રિટનમાં આવી ગયાની અનુભતિ થઈ. એક સ્વચ્છ દેશમાં આવ્યો છું એની ખાત્રી થઈ.

લંડનમાં રહેતા મારા કાકાભાઈ ઈસ્માઈલ ભુલા જેઓ સાઉથ આફ્રિકાથી આવ્યા હતા અને વ્યવસાયે વકીલ હતા. તેઓ મને લેવા માટે હીથરો એરપોર્ટ પર આવ્યા હતા. તેઓ મને તેમના ઘરે લઈ ગયા, જ્યાં હું ત્રણ દિવસ રહ્યો. એ ત્રણ દિવસમાં એમણે મને બર્કીંગહામ પેલેસ અન્ડર ગ્રાઉન્ડ રેલ્વે અને પિકાડલી વગેરે જાણીતાં સ્થળો બતાવ્યાં. જે સ્થળો વિશે ઈન્ડિયામાં અમે ઘણું સાંભળતા તે હવે નજરે જોવા મળ્યું. એ મારા માટે અત્યંત રોમાંચક ઘટના હતી. ખાસ કરીને અન્ડર ગ્રાઉન્ડ રેલ્વેની બાંધણી અને જગ્યાનો સદ્‌પયોગ મને વધુ સ્પર્શી ગયો.

મારા આવ્યાની જાણ બાટલીમાં રહેતી મારી બહેન અને મારા મામાભાઈને થતાં તેઓ ખૂબ રાજી થયાં અને એમણે ઈસ્માઈલભાઈને ફોન કરી જણાવ્યું કે, મને બાટલી મોકલી આપો. ઈસ્માઈલ ભાઈએ મને ટ્રેનમાં મોકલવાનો ઈરાદો કર્યો. અને બાટલી ફોન કરી કહ્યું. તમે બાટલી સ્ટેશને લેવા આવશો. મને કિંગક્રોસ રેલ્વે સ્ટેશનથી ટ્રેનમાં બેસાડી દીધો. એમણે એક અંગ્રેજ મુસાફર કે જે લીડ્ઝ જનાર હતો. તેને મારી બાબતમાં પૂરી સમજ આપી કે હું આ દેશમાં તદ્‌ન નવો આગંતુક છું એટલે પૂરી સંભાળ રાખવા ભલામણ કરી. એ અંગ્રેજેએ મને બાટલી સુધી આવવામાં હરપ્રકારની મદદ કરી અને મને અંગ્રેજના ભલા સ્વભાવનો પ્રથમ પ્રસંગે જ અનુભવ થયો. હું અહી સહી સલામત બાટલી આવી ગયો.

બાટલી સ્ટેશન મને લેવા માટે ઈબ્રાહીમભાઈ બોડીયાત અને ઈબ્રાહીમ જસાત આવ્યા હતા. શરૂઆતમાં મને લાગ્યું કે, હું ક્યાં આ અંધારિયા દેશમાં આવી ગયો. કંઈ સમજ પડતી નહતી. બાટલીમાં મારા બનેવી મહમદભાઈ માકડાને ત્યાં વૉરવીક રોડ પર રહેવાનું નક્કી થયું. જ્યાં હું એક વર્ષ રહ્યો.

મેં સુરતની ટેક્ષટાઈલ મિલમાં કામ કર્યું હતું. એટલે મને ટેક્ષટાઈલનો અનુભવ હતો. ત્રણેક દિવસ પછી લેબર એક્ષચેન્જમાં નામ નોંધાવવા ગયો. મેં ઓફિસરને જણાવ્યું કે, મને ટ્વીફટીંગ અને વિવિંગનો અનુભવ છે. એ જાણીને ઓફિસર ખૂબ પ્રભાવિત થયો કારણકે ઈન્ડિયાથી આવનારા લોકોને મિલનો અનુભવ હોતો નથી. મારા જેવો કોઈ એકલદોકલે મિલમાં કામ કર્યું હોય. બાકી બીજા મોટાભાગના લોકો તો ખેતી કરતા અહીં આવ્યા હતા. એ ઓફિસરે મને પીટમાર ફેક્ટરીમાં મોકલી દીધો. સાથે એક પત્ર પણ લખી દીધો. ત્યાં મેનેજર મને ફેક્ટરીમાં લઈ ગયો. બીજા વર્કરોને મારી ઓળખાણ કરાવી. તેઓ પણ મને જોઈને ખુશ થયા અને મને વાઈન્ડિંગમાં જોબ આપ્યો ત્યાં મેં પાંચ વર્ષ કામ કર્યું. તે પછી ક્લીકહીટનની એક ફેક્ટરીમાં મેં ગ્રીલિંગનું કામ લગભગ છ વર્ષ સુધી કર્યું.

૧૯૬૫માં મે ટાલબૉટ સ્ટ્રીટમાં ઘર ખરીદ્યું જેની કિંમત ૩૦૦ પાઉન્ડ હતી. જેમાં મે પ્રથમ ૧૦૦ પાઉન્ડ આપેલા અને બાકીની રકમ છ મહિના સુધીમાં પૂરી કરી દીધેલી. ઘર બે બેડરૂમનું હતું. ટોઈલેટ ઘરની બહાર. બાથની પણ સગવડ ન હતી. નહાવા માટે મારે પબ્લિક બાથમાં જવું પડતું.

ટાલબૉટ સ્ટ્રીટમાં આવ્યા પછી ટાલબૉટ સ્ટ્રીટના મદ્રેસામાં મદદ કરતો. જેમાં ઉસ્તાદોને પગાર ચૂકવવાનું ખાસ કામ હું કરતો. ટેલર સ્ટ્રીટમાં બે બેડરૂમનું એક મકાન ૨૫૦ પાઉન્ડમાં ખરીદ્યું તેમાં પણ બાથરૂમની સગવડ નહીં, અને ટોઈલેટ પણ ઘરની બહાર હતું.

૧૯૬૭ માં મેં મારી ફેમિલી બોલાવી જેમાં પત્ની અને એક ૬ વર્ષનો, દીકરો. ફેમિલી આવી તે પહેલાં જાતે જ રાંધવાનું. એ પણ બરાબર આવડે નહીં. જેવું આવડે તેવું રાંધી નાંખતો. ગમે તે રીતે દિવસો ગુજરતા ગયેલા. ફેમિલી આવ્યા પછી રાંધવાની જવાબદારીમાંથી મુક્ત થવાનો આનંદ અનુભવેલો. શરૂઆતના દિવસો કંઈ ગતાગમ પડે નહી. બધુ જાતે કરવાનું મને લાંબા કલાકો કામ કરવામાં ખૂબ તકલીફ વેઠવી પડતી. જો કે ધીમે ધીમે સાથીઓ મળતા ગયા. અને આ દેશમાં મન લાગવા માંડ્યું અને દેશપણ ગમવા લાગ્યો. તે દિવસોમાં શિયાળાની ઋતુમાં હીટિંગના અભાવે, ખૂબ તકલીફ થતી. રેફ્રીજરેટર જેટલા ઠંડા બેઠરૂમમાં વગર હીટિંગ સીસ્ટમે રાત પસાર કરવી ખૂબ કષ્ટદાયક હતું.

મે ૨૦ વર્ષ સુધી બાળકોને મદ્રેસામાં પઢાવવાનું કામ પગાર લીધા વિના નિઃશુલ્ક કરેલું. આ દેશમાં કાયદાઓ બધા માટે એક સરખા. ખાસ કોઈ ભેદભાવ નહીં. અહીંની પ્રજાની રહેણીકરણી ખાસ કરીને એમની ઈમાનદારીથી હું ખૂબ પ્રભાવિત છું. ઉપરાંત અહીંની શિક્ષણની વ્યવસ્થા અને હેલ્થ સર્વિસ મને ખૂબ ગમી. અહીંની નેશનલ હેલ્થ સર્વિસને હું એક વરદાન ગણું છું.

દેશ છોડવાનું દુઃખ તો થાય જ છે અને ત્યાંની આબોહવા હંમેશાં યાદ આવે છે. ખાસ કરીને અહીંની અનિયમિત આબોહવાને કારણે દેશની નિયમિત આબોહવા યાદ આવે છે. આ દેશમાં આપણે

ઘણી પ્રગતિ કરી છે. અહીં પ્રગતિ માટે ઘણી તકો ઊભેલી છે. અહીંની પ્રજા સાથે આપણે હળીમળીને રહેવું જોઈએ. ખાસ કરીને આપણી નવી પેઢીને આપણે શીખવવું જોઈએ કે, તેઓ અહીં પ્રજા સાથે ભાઈચારાથી રહે. ■

# ૧૦

**નામઃ** ઈસ્માઈલ મુસા લુણત

**જન્મ વર્ષઃ** ૧૯૩૦

**મૂળ વતનઃ** માણેકપોર

**યુ.કે.માં આગમનઃ** ૧૯૬૩

બ્રિટન આવ્યા પહેલાં મારો પોતાનો ધંધો હતો. ગામમાં એક અનાજ કરિયાણાની મારી નાની સરખી દુકાન હતી. કમાણી ઓછી, પણ જેમતેમ ગુજારો થઈ જતો હતો. ધંધાના વિકાસના કોઈ ચિહ્નો નજરે પડતાં ન હતાં કંઈક વધુ કમાણી થાય એવા વિકલ્પની શોધ મનમાં ચાલ્યા કરતી હતી. પરંતુ એનો કોઈ ઉકેલ જડતો ન હતો અનેક મૂંઝવણોથી ઘેરાયેલું જીવન હતું.

એક તરફ મૂંઝવણો તો હતી જ, એવી જ મૂંઝવણો વચ્ચે એક આશાનું કિરણ નજર સમક્ષ આવીને ઊભું રહ્યું. આજબાજુના ગામોમાં લોકોનો યુ.કે. તરફનો ધસારો થઈ રહ્યો હતો, મારા ગામના પણ થોડાક લોકો ત્યાં ઠરીઠામ થઈ ગયા હતા. મેં પણ યુ.કે. જવાનો નિર્ણય કર્યો અને પાસપોર્ટનું કામ શરૂ કરી દીધું. થોડાક સમયમાં પાસપોર્ટ મળતાં જ મને લાગ્યું કે હવે મારૂં યુ.કે. જવાનું સ્વપ્નું સાકાર થઈ રહ્યું હતું.


એર ઈન્ડિયામાં જૂન ૧૯૬૩ મારી યુ.કે.ની સફર શરૂ થઈ. એરોપ્લેનની એ મારી પ્રથમ મુસાફરી હતી. થોડુંક મન ચિંતિત હતું. પરંતુ એર ઈન્ડિયા હોવાને કારણે એરહોસ્ટેસો હિંદીમાં પણ વાત કરી લેતી તેથી મુસાફરી થોડીક આસાન થઈ. હીથરો એરપોર્ટ પર એર ઊતર્યું ને હું એક અજાણ્યા પ્રદેશમાં આવી પહોંચ્યો. એરપોર્ટ પર મને લેવા માટે મારા જ ગામના ઈસ્માઈલભાઈ હજાત આવ્યા હતા. એરપોર્ટથી બહાર નીકળતાં જ નવું વાતાવરણ નવા લોકોને જોતાં જ થોડીક વિમાસણ વધી. થોડીક શંકા પણ થવા લાગી કે, આ નવા વાતાવરણમાં હું ગોઠવાઈ શકીશ કે કેમ? પરંતુ મારાથી અગાઉ આવેલા ભાઈઓને જોઈને મનને સાંત્વના રહેતી. ઈસ્માઈલભાઈ હજાત સાથે લંડનથી બ્રાડફોર્ડ આવ્યો. જ્યાં 13 thornton Terrace એમનું ઘર હતું. ત્યાં બીજા પણ થોડાક ભાઈઓ રહેતા હતા. ત્યાં રાંધવાનું, પોતાનો રૂમ સાફ કરવાનું, વગેરે બધું જ કામ જાતે કરવાનું.

એકાદ અઠવાડિયું આરામ કરી, નોકરીની શોધ ચાલુ કરી. ઘણી બેકારી હોવાથી કામ મળવું મુશ્કેલ હતું. ઘણી મિલોના ચક્કર લગાવી જોયા પણ નોકરીનો ક્યાંય પત્તો લાગ્યો નહીં. ઘણા પ્રયાસો પછી એક કારવૉશ કંપનીમાં નોકરી મળી ગઈ. એક કાર ધોવા માટે અમે છ જણા ભાગે પડતું કામ કરતા. બે જણા પાણી છાંટે, બે જણા સાબુ લગાડે અને બે જણા લૂછવાનું કામ કરે. આખો દિવસ કામ કરવાનું અને પગાર દિવસનો એક પાઉન્ડ મળે. અમે છ દિવસ કામ કરતા એટલે. એટલે આખા વીકનો પગાર છ પાઉન્ડ મળતો. એ કામ મે બે મહિના સુધી કર્યું. તે પછી મને હેકમન્ડવાઈકમાં એક કારપેટ બનાવનારી ક્રાફટ કુ. નામની ફેક્ટરીમાં કામ મળી ગયું.

દિવસભરમાં ૧૨ કલાક શીફ્ટ અને પાંચ દિવસમાં ૬૦ કલાકનું કામ. કદી કદી શનિવારે પણ કામ મળી જતું. જેને ઑવરટાઈમનો દોઢ ગણો પગાર મળતો અને વીકનો પગાર ૨૦ પાઉન્ડ જેટલો થઈ જતો. ફેક્ટરીમાં ઘણાં એશિયનો કામ કરતા હતા, તેથી કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડતો ન હતો. એકંદરે ઘણું સારૂં વાતાવરણ રહેતું હતું. સ્ત્રી પુરુષો બધા સાથે જ કામ કરે. મારે સદ્‌નસીબે નોકરી માટે જ્યાં ત્યાં ભટકવું ન પડ્યું. આ કારપેટ કંપનીમાં ૬૫ વર્ષની વય સુધી કામ કરતો રહ્યો અને ત્યાંથી રિટાયર્ડ પણ થયો.

૧૯૬૬માં ડેનીશન સ્ટ્રીટ, બાટલીમાં મે. બે બેડરૂમનું ઘર ખરીદ્યું. જેની કિંમત મેં ૨૦૦ પાઉન્ડ ચૂકવેલી. ડેનીશન સ્ટ્રીટમાં બે વર્ષ સુધી રહ્યા પછી ૧૯૬૮માં 33 Knowls Rd. Batley નું ઘર મળ્યું. આજ પર્યંત હું એ જ ઘરમાં રહુ છું. મેં અહીંની મુખ્ય મુસ્લિમ સંસ્થાની એક્ઝીક્યુટીવ કમિટીમાં રહીને ઘણા વર્ષો સુધી સેવા બજાવી. જેમા વિવિધ સબ કમિટીઓમાં રહીને મને કોમની સેવા કરવાનો મોકો મળેલો. જેને મારા જીવનનું એક સુખદ પ્રકરણ ગણુ છું. આ દેશમાં મારા સંતાનોએ ઉચ્ચ શિક્ષણ મેળવ્યું અને આજે તેઓ પ્રફેશનલ જોબ કરી રહ્યાનો આનંદ અનુભવું છું. આ દેશના લોકોમાં વખાણવા લાયક ઘણી ખુબીઓ છે. ખાસ કરીને એમના સ્વભાવમાં મળતાવડાપણું અને મોટે ભાગના લોકો સચ્ચાઈ પસંદ છે. અહીં સરકારો પણ કરેલા વાયદા પ્રમાણે કામ કરવાના પ્રયાસો કરે છે. અહીંની નેશનલ હેલ્થ સર્વિસ અને ન્યાય વ્યવસ્થા ઘણી ઉત્તમ પ્રકારની છે. ઈન્ડિયાના ખેતીકામની પ્રીતિ હજી પણ દિલમાં વસેલી છે ત્યાંની આબોહવા અને ગામડાનો માહોલ ઘણીવાર યાદ આવે છે. ■

# ૧૧

| | | |
|---|---|---|
| **નામઃ** | મોહમ્મદ ઘોરાત |  |
| **જન્મ વર્ષઃ** | ૧૯૪૦ | |
| **મૂળ વતનઃ** | થાલા | |
| **યુ.કે.માં આગમનઃ** | ૧૯૬૩ | |

બ્રિટનમાં આગમન અગાઉ હું અભ્યાસ કરી રહ્યો હતો. હાઈસ્કૂલના અભ્યાસકાળમાં હું વિવિધ પ્રવૃત્તિઓમાં જોડાય લો રહ્યો. ખાસ કરીને હાઈસ્કૂલની સ્ટુડન્સ કાઉન્સિલમાં સક્રિય ભાગ લીધેલો અને એ કાઉન્સિલની ચૂંટણીમાં જન.સેક્રેટરી તરીકે મને જ્વલંત વિજય મળેલો. એ રીતે મને વિદ્યાર્થીઓ અને શાળાના શિક્ષકગણ વચ્ચે કામ કરવાની તક મળેલી. હાઈસ્કૂલનો અભ્યાસ પૂરો થયો. બરોડા વિશ્વ વિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની ફેકલ્ટી ઓફ કોમર્સમાં કોમર્સ એન્ડ મેનેજમેન્ટનો અભ્યાસ કરી, બી. કોમની ડિગ્રી મેળવેલી અને એ દરમિયાન બ્રિટન આવવા માટે વર્ક વાઉચર મળતાં ૧૯૬૩ના નવેમ્બરમાં યુ.કે. આવ્યો. બ્રિટન આવવાનો પ્રવાસ હવાઈજહાજ મીડલ ઈસ્ટ એરવેઝ (MEA) દ્વારા થયેલો. મારી સાથે સહપ્રવાસી તરીકે માણેકપોરના યુસુફ લાખી હતા. તેમના સગાંઓએ તેની જવાબદારી મને સોંપેલી. જોકે પ્રવાસ

દરમિયમાન કઈ ખાસ અજુગતો બનાવ બનેલો નહી. માત્ર અમારું એર બેરૂટમાં ઊતરેલું અને ત્યાંથી સીધું હીથરો એરપોર્ટ પર ઉતરાણ કરેલું. મારા સાથી યુસુફ લાખીને લેવા માટે હાફેજ મોહમ્મદ લહેર આવેલા. લોકોથી સાંભળેલું કે હાફેજી સાહેબ ઘણા લોકોને લેવા એરપોર્ટ પર જતા. એમણે મને પૂછેલું કે "તમે ક્યાં જવાના છો? મેં કહેલું, "મારા મિત્ર અહમદ લુણત ઓલ્ધામમમાં રહે છે. હું ત્યાં જવા માંગું છું. એમણે વળતા જવાબમાં કહેલું તમારા મિત્ર હવે બાટલીમાં રહેવા આવી ગયેલા છે. એટલે મેં પણ એમની સાથે બાટલી જવાનો નિર્ણય કરેલો અને ટ્રેન મારફતે હું બાટલી આવેલો. મને આગ્રહ કરી યુસુફ લાખીના પિતાના ઘરે એક રાત રાખેલો અને તે પછી હું વલ્કન રોડ યુસુફભાઈ મમણીઆત ને ત્યાં બે અઠવાડિયા રહેવાનું થયેલું. એ બે વીકમાં મને બર્કબિસ પ્લાસ્ટિક ફેક્ટરીમાં કામ મળી ગયેલું. તે પછી થોડો સમય નોર્થ કીંગ સ્ટ્રીટમાં રહેવાનું થયું અને પછી મેં મારું પોતાનું ટેલર સ્ટ્રીટમાં ૪ નંબરનું ઘર ૩૭૫ પાઉન્ડમાં ખરીદેલું. જેમાં એક ઉપર અને એક નીચે રૂમો હતા. અને આઉટસાઈડ ટોઈલેટ હતું, જે શિયાળાની સખત ઠંડીમાં ફ્રિઝ થઈ જતું. તેને ગરમી આપવા માટે એક નાનો સરખો દિવો સળગાવી રાખવો પડતો. એજ ઘરમાં ફેમિલીનું આગમન થયેલું. અત્યંત સંકડામણ વેઠવી પડતી. તે પછી ટેલર સ્ટ્રીટમાં ૧૭૯ નંબરનું ઘર મેં ૧૨૫૦ પાઉન્ડમાં ખરીદેલું. જોકે મારો મૌખિક સોદો થયેલો અને તે પછી એક ભાઈ એ જ ઘર ખરીદવા એના માલિકને વિનંતી કરેલી. પરંતુ અંગ્રેજ માલિકે કહેલું કે, મારો સોદો થઈ ગયેલો છે અને હું વચનબધ્ધ છું એટલે તમે મને ગમે તેટલી વધુ રકમ આપો તોય મને મંજુર નથી. મને અંગ્રેજની સચ્ચાઈ અને વચનપાલનને નિભાવવાની મક્કમતાએ ભારે અસર કરેલી.

એકવાર એવું પણ બનેલું કે, હું મારકેટ તરફ ગયેલો અને રસ્તો ભૂલી ગયેલો. મને રસ્તો જડે નહીં. એટલે મેં એક અંગ્રેજને મારી તકલીફ બતાવી, એણે કહ્યું, ''ડોન્ટ વૉરી'' હું મદદ કરીશ અને એ મને ઘર સુધી મૂકી ગયેલો. તેર અઠવાડિયા બર્કલીસમાં પૂરા થયા ને હું ચૌદમાં વીકમાની શરૂઆતમાં કામ પર ગયો ત્યાં બોર્ડ પર મારો કાર્ડ ન હતો. પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે મને નોકરીમાંથી છૂટો કરવામાં આવ્યો હતો. તે પછી થોડોક સમય થોમસ બર્નલી ટેક્ષટાઈલ મિલમાં કામ કર્યું. ત્યાંથી છૂટો થઈ બાટલીની પીટમારમાં અને તે પછી એમની બીજી ફેક્ટરી વેલ્મારમાં નોકરી મળી. વેલ્માર બંધ થઈ જતા ફરીથી એની શાખા પીટમારમાં ફરીથી ટ્રાન્સફર થયો. જ્યાં એક ભલા ઈન્ચાર્જને મારા અભ્યાસની જાણ થતાં મને કહ્યું અત્યારે ઈનલેન્ડ રેવન્યું માં વેકેન્સી પડેલી છે. તમારા જેવા શિક્ષિતે તો એમાં ટ્રાય કરવી જોઈએ અને ભલો માણસ મારા માટે અરજીપત્રક લઈ આવેલા મને આગ્રહ કરી ફોર્મ ભરાવેલું. તે પછી મને ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવેલો. ઈન્ટરવ્યુ લગભગ એક કલાક સુધી ચાલેલું અને ચારેક દિવસ પછી મને ઈનલેન્ડ રેવન્યુનો પત્ર મળેલો ને તેમાં લખ્યું હતું, સૉરી તમને ડ્યૂઝબરીની ટેક્ષ ઓફિસમાં જોબ આપી શકીએ તેમ નથી, પણ લીડઝની ઓફિસમાં જોબ આપી શકીએ. પેલો અંગ્રેજ કહેલું કે મારી સલાહ છે કે આ નોકરી સ્વીકારી લેજો. એના આગ્રહવશ મેં ઇનલેન્ડ રેવન્યુમાં ટેક્ષ ઓફિસર તરીકે નો જોબ સ્વીકારી લીધો.

પ્રથમ દિવસે મેનેજરે મને આવકાર્યો. આખી ઓફિસ બતાવી, કામ કરવાની રીત બતાવી. મે. ઈન્લેન્ડ રેવન્યુમાં લભગર ૨૦ વર્ષ

કામ કર્યું અને તે પછી મેં એ કામ છોડી દીધું. તે પછી ૧૯૮૯માં બાટલીની ઝકરિયા મુસ્લિમ ગર્લ્સ હાઈસ્કૂલમાં એડમીનીસ્ટ્રેટીવ અને હેડમાસ્તર તરીકે નોકરી મળી. એ કામ મે ૨૦૦૨ સુધી કર્યું. તે પછી મે નિવૃત્તિ લઈ લીધેલી.

આ બધી નોકરી દરમિયાન બાટલી મુસ્લિમોની મુખ્ય સંસ્થા ઈન્ડિયન મુસ્લિમ વેલફેર સોસાયટીમાં વિવિધ હોદ્દાઓ પર રહીને કોમની સેવા કરવાની તક મળેલી. યુ.કે.માં પ્રથમવાર મુસ્લિમ મેરેજ રજિસ્ટ્રેશનની મંજૂરી મેળવવામાં સક્રિય ભાગ ભજવેલો, તે માટે હોમ ઓફિસમાં મિટીંગોમાં જવાનું થયેલું. જોકે રજીસ્ટ્રેશનની મંજૂરી પણ મળી ગયેલી. પરંતુ રજીસ્ટ્રેશનમાં સ્ત્રી-પુરૂષ સાથે હાજર રહેવા માટે મુસ્લિમ લીડરશીપ તૈયાર ન હતી અને છેવટે એ રજીસ્ટ્રેશનનો આખો કાર્યક્રમ રદ કરી દેવામાં આવેલો. મુસ્લિમ કોમ્યુનિટી કાઉન્સિલમાં ઘણા સક્રિય ભાગ લીધેલો.

હાલમાં મારૂં રોજિંદું જીવન એક નિવૃત્ત વ્યક્તિનું જીવન હોય તે પ્રમાણે વીતી રહ્યું છે.

આ દેશની ત્રણેક બાબતો મને ગમી તેમાં મુખ્યત્વે અહીંની હેલ્થ સર્વિસ છે. જેને હું બ્રિટનના નાગરિકો માટે આશીર્વાદ સમાન ગણું છું. બીજું અહીંનું ન્યાયતંત્ર મને ખૂબજ ગમે છે. તમામ નાગરિકોને સમાન દૃષ્ટિથી જોવામાં આવે છે અને ન્યાયમાં ખાસ ભેદભાવ વર્તાતો નથી. એ ઉપરાંત અહીંના લોકોમાં સહિષ્ણુતા ખાસ જોવામાં આવે છે અને અહીં સ્વચ્છતા પર પણ ખાસ ધ્યાન આપવામાં આવે છે.

ઈન્ડિયાની આબોહવા હજીપણ યાદ આવે છે અને મિત્રો છૂટી ગયાનો અફસોસ હંમેશાં થયા કરે છે ત્યાનો સામાજિક માહોલ પણ યાદ આવ્યા કરે છે. ■